| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૭.૦૧.૨૦૨૫ | | |
| નોંધણી તારીખ | ૨૭.૦૧.૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૧૭.૦૩.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૧ | ૨૦ |

---------------------------------------

ભરૂચના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.

---------------------------------------

**સેસન્સ કેસ નંબર : ૯/૨૦૨૫**

**આંક-....**

ફરિયાદી :- શ્રી સ ર કા ર

...વિરૂધ્ધ...

આરોપી :- રવિકુમાર પપ્પુરામ બૈરવા
રહે. ગલેન્ડા, ગ્રીનપાર્ક સોસાયટી, તા.વાગરા, જી.ભરૂચ
મુળ રહે. ગામ ગવારકી, તા.મહવા, જી.દૌસા, રાજસ્થાન

ગુન્હો :- બી.એન.એસ.ની કલમ-૧૦૩(૧) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સુશ્રી એન.એમ.મિસ્ત્રી

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એસ.એલ.બેલીમ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૫.૧૦.૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૫.૧૦.૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૧.૦૧.૨૦૨૫ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૧૬.૦૪.૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૮.૧૧.૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૨.૦૩.૨૦૨૬ |
| હુકમની તારીખ | ૧૭.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ૧૭.૦૩.૨૦૨૬ |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન ઉપર મુકત થયાની તારીખ | જે ગુન્હાનો આરોપ મુકયો છે તે ગુન્હો | નિર્દોષ કે દોષિત | લાદવામાં આવેલી સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ના હેતુ માટે સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રવિકુમાર પપ્પુરામ બૈરવા | ૨૬.૧૦.૨૦૨૪ | – | બી.એન.એસ. ની કલમ–૧૦૩(૧) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ | બી.એન. એસ. ની કલમ–૧૦૩(૧) માટે દોષિત અને જી.પી. એકટની કલમ–૧૩૫ માટે નિર્દોષ | આખરી હુકમ મુજબ | |

## –:: ચુ કા દો ::–

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ રાતના કલાક આશરે ૮.૩૦ વાગ્યાના સુમારે ગલેન્ડા, ગ્રીનપાર્ક સોસાયટી, તા.વાગરા, જી. ભરૂચ ખાતે આરોપી રવિકુમાર પપ્પુરામ બૈરવાએ ગુજરનાર કિરોડીલાલ રામપ્રસાદ મીણા પાસે મોબાઇલ જોવા માંગતા કિરોડીલાલ મીણાએ આરોપી રવિકુમારને મોબાઇલ આપેલ નહી જેથી તે બાબતે આરોપી અને ગુજરનાર કિરોડીલાલ વચ્ચે બોલાચાલી ઝઘડો થતા આરોપી રવિકુમારે ચપ્પુ વડે ગુજરનાર કિરોડીલાલને છાતીની ડાબી બાજુએ ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી મૃત્યુ નિપજાવી ખુન કરી ગુન્હો કરેલ હોવા બાબતની ફરિયાદ દહેજ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ.

(૨) ફરિયાદીની ફરિયાદ આધારે દહેજ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.

૧૧૧૯૯૦૧૬૨૪૧૦૫૦/૨૦૨૪ થી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ પોલીસ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા મળી આવતા વાગરાના વિ.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઉપરોકત જણાવ્યા મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ક્રિ.કે.નં.૨૬/૨૦૨૫ થી નોંધવામાં આવેલ. પરંતુ સદરહુ ગુન્હો બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબનો હોઈ સદરહું ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સેસન્સ કોર્ટને હોઈ વાગરાના વિ.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ સદરહુ કેસ સેસન્સ કોર્ટ, ભરૂચ ખાતે કમીટ કરવાનો હુકમ કરી રેકર્ડ સેસન્સ કોર્ટ, ભરૂચમાં મોકલી આપતા તે સેસન્સ કેસ નં.૯/૨૦૨૫ થી નોંધાયેલ. ત્યારબાદ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામમાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ તા.૧૬.૦૪.૨૦૨૫ ના રોજ આરોપી સામે આંક–૫ થી તહોમતનામુ ફરમાવેલ અને સદરહુ તહોમતામુ વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ આંક–૬ ના નિવેદનથી ગુન્હાનો ઈન્કાર કરતા કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) સદરહુ કામે ફરિયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નવ સાહેદો તપાસેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવ્યા બાદ આરોપીને બચાવ કરવાની પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર તેઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ (ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩) અન્વયે વિશેષ નિવેદન લેતાં આરોપીએ ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ખોટો હોવાનું અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે અને આરોપીને વિશેષમાં કોઈ ખુલાસો કરવો છે તે અંગે પુછતા આરોપીએ જણાવેલ છે કે ''અમો આરોપી નિર્દોષ છીએ અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ

નથી. સદર કામના ત.ક.અ.નાએ ખોટી ચાર્જશીટ કરેલ છે.'' આ કામે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઇ સાહેદ તપાસેલા નથી તેમજ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

<u>ફરિયાદ પક્ષની દલીલો</u>

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે આરોપીએ કિરોડીલાલને ડાબી છાતીના ભાગે ચપ્પુ વડે ઈજા પહોંચાડી મોત નિપજાવી ખુન કરેલ હોવાનો આક્ષેપ છે. ફરિયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપ પુરવા કરવા માટે આ કામે બનાવ નજરે જોનાર બે સાહેદો જયપ્રકાશ ફલીરામ મીના (આંક–૩૧) અને બનવારીલાલ બદરીપ્રસાદ મીના (આંક–૪૨) ને તપાસેલા છે. આ બંને સાહેદોએ ફરિયાદ પક્ષને સમર્થનકારક પુરાવો આપેલ છે અને ઉલટ તપાસમાં વિરૂધ્ધની કોઇ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સાહેદ બનવારીલાલે બનાવ પછી તરત જ સાહેદ રાકેશભાઇ મીનાને ફોન કરીને બનાવની જાણ કરેલ છે અને આ વાર્તાલપની પેઇનડ્રાઇવ રજુ કરવામાં આવેલ છે તે જોતાં પણ આરોપીએ ગુજરનારને ચપ્પુ વડે છાતીના ભાગે ઘા કરી ગંભીર ઈજાઓ કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ ઉપરાંત બંને સાહેદોની જુબાનીઓમાં કોઇ વિરોભાધાભાસી પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષે બનાવ વખતે બનાવવાળા મકાનમાં હાજર અન્ય સાહેદ રીન્કુકુમાર લોરેરાવ મીના (આંક–૬૧) અને ફરિયાદી રામકેશ શ્રવણકુમાર મીના (આંક–૫૭) ને પણ તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદોએ પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ છે અને નજરે જોનાર સાહેદોના પુરાવાને સમર્થનકારક હકીકતો જણાવેલી છે. આ સાહેદોના પુરાવામાં પણ કોઇ પણ પ્રકારનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ઉલટ તપાસમાં પણ કોઇ વિરૂધ્ધની હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે ફરિયાદ પક્ષ તરફે અન્ય સાહેદોને પણ તપાસવામાં આવેલા છે જે તમામ સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારક હકીકતો જણાવેલી છે.

આ કામે સાહેદ નં. ૧૨ તરીકે મેડીકલ ઓફિસર ડો.શીતલબેન સુંદરલાલ એહારીને આંક–૩૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે ગુજરનારની લાશનું પોસ્ટ મોર્ટમ કરેલ છે અને આ સાહેદના પુરાવા મુજબ લાશની છાતીના ડાબી બાજુએ ઘા હતો અને આ ઈજાના કારણે લોહી વહી જવાના કારણે મૃત્યુ નિપજેલ હોવાનો અભિપ્રાય આપેલ છે. આરોપી તરફે મેડીકલ પુરાવાને પડકારવામાં આવેલ નથી. આ કામે આંક–૫૫ થી તપાસવામાં આવેલ સાહેદ રમેશભાઇ રાજપુરોહિતનાઓએ મોબાઇલમાં મારવાડી ભાષામાં જે વાર્તાલાપ હતો તેનું પોલીસના કહેવાથી ગુજરાતીમાં ભાષાંતર કરી આપેલ છે અને આ સાહેદ મારવાડી તેમજ ગુજરાતી ભાષા જાણતા હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે રજુ થયેલ તમામ પુરાવો જોતાં આરોપી બનાવ વખતે સ્થળ ઉપર હાજર હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. બચાવ પક્ષ તરફે આરોપી બનાવ વખતે સ્થળ ઉપર હાજર ન હતા તે અંગે કોઇ બચાવ લેવામાં આવેલ નથી. આ કામે તપાસવામાં આવેલા પંચો પૈકી ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સમરાનભાઈ રાજ સિવાયના પંચો ફરી ગયા છે અને પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી, પરંતુ તપાસ કરનાર અધિકારીએ તમામ પંચનામા પુરવાર કરેલા છે. પંચ–સાહેદ (આંક–૨૫) ઇમરાનભાઇ રાજે ગુન્હાવાળી જગ્યાના પંચનામાને સમર્થન આપેલ છે અને બનાવવાળુ મકાન બે રૂમ રસોડાવાળુ હોવાનું તેમજ પ્રથમ રૂમમાં બનાવ બનેલ હોવાનું અને પ્રથમ રૂમમાંથી લોહીના ડાઘાવાળી ચટ્ટાઇ તેમજ ટાઇલ્સ ઉપરથી લોહી મળી આવેલ છે તેમજ મકાનની ખુલ્લી જગ્યામાંથી ચપ્પુ પણ મળી આવેલ છે. આ તમામ મુદ્દામાલ ઉપરથી ગુજરનારના 'ઓ' જુથનું ઋધિર મળી આવેલ છે. આ રીતે એફ.એસ.એલ. રીપોર્ટ ઉપરથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે. આ કામે તપાસ કરનાર અધિકારી પણ તેઓએ કરેલી તપાસને સમર્થનકારક હકીકતો જણાવી આરોપી સામે પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી

પણ ફરિયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન મળે છે. આમ, ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો હોઇ આરોપીને આક્ષેપીત ગુન્હા માટે તકસીરવાન ઠરાવી મહત્તમ સજા ફરમાવવા રજુઆત કરેલ છે.

આરોપી પક્ષે દલીલો

(૭) આરોપી તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે, જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ શંકા ઉપસ્થિત થાય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે તેમજ ફરિયાદ પક્ષના કેસમાં એક કરતા વધારે સંભાવના કે દ્રષ્ટિકોણ રજુ થતા હોય તો આરોપી તરફેની સંભાવનાને ધ્યાને લેવાની રહે છે. વધુમાં સાહેદોના પુરાવામાં મહત્વના વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે તો ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ છે તેમ માનવાનું રહે છે. આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેમાં મહત્વના વિરોધાસભાસ રજુ થયેલ છે ફરિયાદ પક્ષના કેસમાં એક કરતા વધારે સંભાવનાઓ રજુ થયેલ છે. જેથી તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. ફરિયાદ પક્ષ તરફે કહેવાતા બનાવ નજરે જોનાર સાહેદ જયપ્રકાશ મીનાને આંક–૩૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે રવિએ તેઓને કીધેલ કે વિશાલને આવવા દો તો હુ તેને ચાકુ મારીશ. આ નજરે જોનાર સાહેદના પુરાવાથી આરોપીએ વિશાલને ચાકુ મારવાનુ જણાવેલ છે, નહી કે ગુજરનાર કિરોડીલાલને. આ ઉપરાંત આ સાહેદના પુરાવા મુજબ બનાવ વખતે આરોપી રવીએ દારૂ પીધેલો હતો. પરંતુ પોલીસ તપાસ દરમ્યાન આરોપી રવીએ દારૂ પીધેલ હોય તેવું જણાઇ આવેલ નથી. અન્ય કોઇ પણ સાહેદે આરોપી રવીએ બનાવ વખતે દારૂ પીધેલો હતો તેવું જણાવેલ નથી. આ સાહેદના પુરાવા મુજબ ફરિયાદી રામકેશે કિરોડીલાલના છાતીના ભાગે રૂમાલ બાંધેલો, પરંતુ ફરિયાદીએ

પોતાના પુરાવામાં આવી કોઇ હકીકત જણાવેલ નથી કે તેવો રૂમાલ પોલીસે તપાસ દરમ્યાન કબજે કરેલ નથી. ઈજા પામનારને હોસ્પીટલમાં લઈ જતા હતા ત્યાં સુધી આરોપી સાથે હતો તેવી હકીકત તપાસ કરનાર અધિકારીના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આ સાહેદનો પુરાવો જોતાં આ સાહેદ જયપ્રકાશ પોતે જ બનાવ પછી ભાગી ગયેલ તેવું આ સાહેદના પુરાવાથી જણાય છે. રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા મુજબ સાહેદ જયપ્રકાશ મીના બનાવ પછી ગુજરનારનો ફોન લઈને ભાગી ગયેલ અને ઘણા દિવસ પછી પરત આવેલ જેથી સાહેદ જયપ્રકાશની વર્તણૂંક શંકાસ્પદ છે અને તેઓનો પુરાવો પણ શંકાસ્પદ બની રહે છે. વધુમાં આ કામે સાહેદોએ સ્વીકારેલી હકીકતો મુજબ આરોપી અને ગુજરનાર વચ્ચે કોઇ દુશ્મનાવટ, અણબનાવ કે મતભેદ ન હતા જેથી ગુજરનારને મારી નાંખવા માટેનું કોઇ કારણ નથી.

૭.૧ ફરિયાદ પક્ષ તરફે બીજા બનાવ નજરે જોનાર સાહેદ બનવારીલાલ મીનાને આંક–૪૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે કિરોડીના મોબાઇલની બેટરી ઓછી થતી હતી એટલે રવિને મોબાઇલ આપેલો નહી. આવી કોઇ હકીકત આ સાહેદે પોલીસ નિવેદનમાં લખાવેલ નથી તેમજ પોલીસ તપાસ દરમ્યાન પણ મોબાઇલની બેટરી ઓછી થતી હતી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ વિશાલને ફોન કરી જણાવેલ કે રવિએ કરોડીલાલને ચાકુ મારેલ છે, પરંતુ આ સાહેદના આ પુરાવાને વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર પુરાવાથી સમર્થન મળતુ નથી. એ હકીકત કબુલેલ છે કે તેઓ ચાર જણા જયાં આરામ કરતા હતા તે રૂમના દરવાજાથી બહાર નીકળી શકાય તેમ હતુ. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે કિરોડીલાલનો રૂમમાં જે સામાન હતો તે બધો સામાન જયપ્રકાશ લઈને ભાગી ગયેલો.

૭.૨ ફરિયાદ પક્ષ્ તરફે બનાવ વખતે બનાવવાળા મકાનમાં હાજર અન્ય સાહેદો પૈકી ફરિયાદી રામકેશ મીનાને આંક–૫૭ થી તપાસવામાં

આવેલ છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે બનાવ વખતે તેઓ બીજા રૂમમાં જમવા બેઠા હતા અને કિરોડીએ કહેલુ કે રવિ ચાકુ મારીને ભાગી ગયેલો. પરંતુ આવી હકીકત અન્ય કોઇ સાહેદે જણાવેલ નથી તેમજ તે વખતે કિરોડીલાલ બોલી શકતો હતો તેવું પણ રેકર્ડ ઉપર આવેલ નથી. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે બનાવ તેમણે અને રીન્કુએ નજરે જોયેલ નહી અને તેમને બનાવની કોઇ જાત માહિતી નથી. આ સાહેદે ઉલટ તપાસમાં સ્વેચ્છાએ જણાવેલ છે કે કિરોડીને ચાકુ વાગ્યા પછી તે તેમની પાસે આવેલો અને કીધેલુ કે રવિ ચાકુ મારીને ભાગી ગયેલ છે. પરંતુ કિરોડીલાલને ચાકુ વાગ્યા પછી તેઓ મકાનમાં બીજા રૂમમાં ગયેલ હોય તેવી હકીકત અન્ય કોઇ પણ સાહેદે જણાવેલ નથી. જો માની લેવામાં આવે કે કિરોડીલાલ ચાકુ વાગ્યા પછી આ સાહેદ પાસે બીજા રૂમમાં ગયેલો તો કિરોડીલાલનું રૂધિર બીજા રૂમમાં પણ પડયુ હોય. પરંતુ બનાવવાળી જગ્યાનું પંચનામુ જોતાં બનાવવાળા રૂમ સિવાય અન્ય કોઇ જગ્યાએ રૂધિર જણાયેલ નહી.

૭.૩ ફરિયાદ પક્ષ તરફે બનાવવાળા મકાનમાં હાજર અન્ય સાહેદ રીન્કુકુમાર મીનાને આંક–૬૧ થી તપાસેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ જમવા બેસેલા હતા ત્યારે કિરોડી તેમની પાસે આવેલ અને કહેલ કે તેઓને રવિએ ચાકુ મારેલ છે અને ત્યારબાદ તેઓ રવિ પાસે ગયેલા ત્યારે રવિ ચાકુ લઇને ત્યાં ઉભો હતો. આમ, બનાવ વખતે આરોપી ત્યાં હાજર હતો કે નાસી ગયેલો તે અંગે મહત્વનો વિરોધાભાસી પુરાવો બનાવવાળા મકાનમાં હાજર સાહેદોના પુરાવામાં આવેલ છે. વધુમાં જે રૂમમાં બનાવ બનેલો તે રૂમમાં સાહેદ જયપ્રકાશ મીના અને બનવારીલાલ મીના હાજર હતા તેમ છતાં ઈજા પામનાર કિરોડીલાલને બીજા રૂમમાં જમવા બેસેલા રામકેશ અને રીન્કુકુમાર પાસે જવાની જરૂરીયાત કેમ ઉપસ્થિત થયેલ તે અંગે કોઇ ખુલાસો રેકર્ડ ઉપર આવેલ નથી અને આ હકીકત ફરિયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરે છે. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે કહેવાતો

બનાવ બન્યો તે આરામવાળા રૂમમાં બનેલો અને તેઓ બીજા રૂમમાં જમતા હતા અને બનાવ બનતા તેઓએ નજરે જોયેલ નથી અને બનાવની તેમને કોઈ જાત માહિતી નથી.

૭.૪ આ કામે તપાસવામાં આવેલા અન્ય સાહેદોએ બનાવ બનતા નજરે જોયેલ નથી અને તેઓએ સાંભળેલી હકીકતો પોતાના પુરાવામાં જણાવેલી છે, પરંતુ તેઓએ સાંભળેલી હકીકતોની ખરાઇ કરેલી કે નહી તે અંગે કોઈ પુરાવો સાહેદોએ આપેલ નથી.

૭.૫ આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ વિશાલભાઈ મીનાને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ બધા સાથે રહેતા હતા અને બનાવના દિવસે તેઓ રાત્રે આઠ વાગે કંપનીમાં કામ હતુ એટલે ગયેલા અને ત્યારબાદ રાત્રે દસથી અગીયાર વાગ્યાની આસપાસ બનવારીલાલનો તેમના મોબાઈલ પર ફોન આવેલો અને જણાવેલ કે રવિકુમાર બેરવાએ કિરોડીલાલને છાતીમાં ડાબી બાજુ ચાકુ માર્યુ છે અને તેઓને જલ્દી આવવા અને ગાડીની વ્યવસ્થા કરવા કહેલ, પરંતુ આ સાહેદે બનાવ બનતા નજરે જોયેલ નથી તેમજ આરોપીએ જ કિરોડીલાલને ચપ્પુ મારેલ છે તે અંગેની કોઈ ખાત્રી કરેલ હોવાનું જણાતુ નથી.

૭.૬ ફરિયાદ પક્ષ તરફે મેડીકલ ઓફિસર ડો.શીતલબેન એહારીને આંક–૩૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે ગુજરનારની લાશનું પોસ્ટ મોર્ટમ કરેલ છે. આ સાહેદના પુરાવા અને પી.એમ.નોટ મુજબ ઈજા પામનારના શરીર ટાંકા લીધેલ ઘા હતો. જયારે આ કામે આંક–૧૩ થી રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામામાં લાશ ઉપર ટાંકા લીધેલ ઘા હોય તેવું જણાતુ નથી તેમજ ઈન્કવેસ્ટ પંચનામુ તેમજ સાહેદોના નિવેદનો મુજબ કિરોડીની છાતીના ભાગે માત્ર એક જ ઘા હતો. આ સાહેદના અભિપ્રાય મુજબ ફેફસા અને ઋદયમાં વાગવાથી લોહી વહી જવાના કારણે મૃત્યુ નિપજેલ. પરંતુ આ કામે કિરોડીલાલને માત્ર એક ઘાની ઈજા કરવામાં આવેલી હોવાનો ફરિયાદ પક્ષનો કેસ છે. વધુમાં મેડીકલ ઓફિસરના પુરાવામાં આ ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ

નિપજાવવા માટે પુરતી હતી કે નહિ તે અંગે કોઇ પુરાવો રજુ થયેલ નથી. આ ઉપરાંત ઈજાના માપમાં પણ વિરોધાભાસ આવેલ છે. મેડીકલ ઓફિસરશ્રીના પુરાવા મુજબ ઈજા પામનારને થયેલી ઈજાનો માપ ૨.૭૫ ઇંચ છે, ચપ્પુના ફળની પહોળાઇ ૨ ઇંચ છે અને તપાસ કરનાર અધિકારીના પુરાવા મુજબ મુદ્દામાલવાળા ચપ્પુના ફળની પહોળાઇ બે ઇંચ નથી અને તેના કરતા ઓછી જણાય છે. જેથી આ ચપ્પુથી બનાવ બનેલ હોય તેમ કહી શકાય નહી. મુદ્દામાલવાળા ચપ્પુથી ઈજા પામનારને ઈજા થઇ શકે કે કેમ તે અંગે પણ ફરિયાદ પક્ષ તરફથી મેડીકલ ઓફિસરને કોઇ પ્રશ્ન પુછવામાં આવેલ નથી. મેડીકલ ઓફિસરે ઉલટ તપાસમાં કબુલેલ છે કે જીવીત વ્યકિતના ઋદયના ભાગમાં ઈજા થવાથી લોહીની પીચકારી નીકળવાની શકયતા છે. આ કામે કિરોડીલાલને ઋદયમાં ઈજા થયેલ હોઇ આરોપીના કપડા પણ પીચકારીના કારણે લોહીવાળા થઇ ગયા હોત, પરંતુ એફ.એસ.એલ. રીપોર્ટ જોતાં આરોપીના કપડા ઉપર લોહીની હાજરી જણાય આવેલ નથી.

૭.૭ વધુમાં રજુઆત છે કે સાહેદોના પુરાવા મુજબ ઈજા પામનાર કિરોડીલાલને સાહેદ જયપ્રકાશ, બનવારીલાલ, રીન્કુ અને વિશાલનાઓ એમ્બ્યુલન્સ બેસાડીને સારવાર માટે લઇ ગયેલા. જયારે એમ્બ્યુલન્સના ઇમરજન્સી મેડીકલ ટેકનીશીયન યતીનકુમાર કનુભાઇ (આંક-૫૬) ના પુરાવા મુજબ એમ્બ્યુલન્સમાં દર્દી સાથે બે વ્યકિતઓને જ સાથે લઇ ગયેલા. વધુમાં આ કામે ચપ્પુની રીકવરી શંકાસ્પદ છે. આંક-૨૦ ના ગુન્હાવાળી જગ્યાના પંચનામા મુજબ ચપ્પુ દરવાજા વાટે મકાનની બહાર નીકળતા પગથીયાથી પુર્વ-દક્ષિણ દિશાએ આશરે સાતેક ફુટના અંતરે ભોયતળીયાના ભાગે પડેલ હતુ અને આ ચપ્પુ પંચનામાના અંતે રીકવર કરેલ છે. જો ખરેખર ચપ્પુ તે જગ્યાએ પડયુ હોત તો પંચનામા વખતે સૌથી પહેલા બધાએ ખુલ્લી જગ્યામાં પડેલ ચપ્પુ જોયેલ હોત અને કોઇને પગ સાથે અથડાયેલ હોત પરંતુ તેવું બનેલ નથી અને ચપ્પુ પંચનામાની શરૂઆતમાં રીકવર

કરેલ નથી, અને પંચનામાના અંતે રીકવર કરેલ છે જેથી ચપ્પુ રીકવર કર્યાની હકીકત શંકાસ્પદ બની જાય છે અને ગોઠવણ કરીને ચપ્પુ રીકવર કર્યાનું માની શકાય. વધુમાં ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ–સાહેદ ઇમરાનભાઇ રાજે (આંક–૨૫) નાએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે આ જ ચપ્પુ હતુ કે કેમ તે ચોકકસ કહી શકે નહી. આ કામે મરણજનારે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ આંક–૧૬ થી રજુ કરવામાં આવેલ છે પરંતુ ગુજરનારે બનાવ વખતે પહેરેલ શર્ટ છાતીના ભાગેથી ફાટી ગયેલ હોવાનું જણાતુ નથી. જો ગુજરનારને છાતીના ભાગે ઇજા થયેલ હોય તો શર્ટ છાતીના ભાગેથી ફાટી જાય જેથી ફરિયાદ પક્ષની આ હકીકત પણ શંકાસ્પદ બની જાય છે. સાહેદોના પુરાવા મુજબ આરોપી રવિ ચપ્પુ મારીને ભાગી ગયેલ, જયારે તપાસ કરનાર અધિકારીના પુરાવા મુજબ આરોપી તરત ભાગી ગયેલ નહી અને ઇજા પામનાર કિરોડીલાલને સાહેદો લઇ જતા હતા તે દરમ્યાાન આરોપી ભાગી ગયેલ છે જેથી આરોપી કયારે ભાગી ગયેલ તે અંગે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. તેઓની વધુમાં રજુઆત છે કે સાહેદ રીન્કુકુમારના પુરાવા મુજબ આરોપી રવિ ચાકુ લઇને તેઓને મારવા જતા ચાકુ નીચે પડી ગયેલ. જેથી ચાકુ ઘરમાં પડી ગયેલ હોવો જોઇએ, ઘરની બહાર નહી. વધુમાં રજુઆત છે કે મોબાઇલ કબજે કર્યાના પંચનામાના પંચ ફરી ગયા છે. બચાવ પક્ષની વધુમાં રજુઆત છે કે આ કામે મોબાઇલ કોની માલિકીનો છે તે અંગે કોઇ પુરાવો રજુ થયેલ નથી. આ કામે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર રજુ થયેલ નથી. મોબાઇલની દુકાનવાળા સાહેદ રમેશભાઇ રાજપુરોહિતના પુરાવા મુજબ મોબાઇલમાં રેકોર્ડીંગ કરેલ ઓડીયો ફાઇલ તેમને સંભળાવેલ તેમાં કોઇએ મુકકો મારેલ હોય તેવો શબ્દ સંભળાતો નથી. આ સાહેદને સેમસંગનો એસ ૨૪ અલ્ટ્રાવાળા મોબાઇલ ફોનમાંથી રેકોર્ડીંગ સંભળાવેલુ અને જુબાની દરમ્યાન જે ફોનમાં રેકોર્ડીંગ સંભળાવેલ છે તે વિવો કંપનીનો ફોન છે અને જે ફોન તેમણે અગાઉ કયારેય જોયેલ નથી. આ સાહેદ પાસેથી એવું

પ્રમાણપત્ર મેળવવામાં આવેલ નથી કે તેઓ મારવાડી ભાષા અને ગુજરાતી ભાષા જાણે છે અને તેનું અનુવાદ કરવાનું ફાવે છે. વધુમાં સી.ડી.આર. રીપોર્ટ મુજબ સાહેદ બનવારીલાલ અને સાહેદ વિશાલ વચ્ચે ૨૭ સેકન્ડ વાતચીત થયેલી, જયારે તપાસ કરનાર અધિકારીના પુરાવા મુજબ ૨૫ સેકન્ડ વાત થયેલી. આમ, બે સેકન્ડનો તફાવત આવેલ છે. વધુમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવ તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ સાડા દસની આસપાસ બનેલો. જયારે એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ બનવારીલાલ અને વિશાલકુમાર વચ્ચે સમય ૨૩.૦૪.૫૦ વાગે કોલ થયેલો તેમજ આ બંને સાહેદો વચ્ચે તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ ૧૦.૫૬.૩૮ વાગે અને ૧૦.૫૯.૦૭ વાગે કોલ થયો હોય તેવું જણાય છે અને સી.ડી.આર. માં કલાક ૧૦.૩૦ થી ૧૧.૦૦ દરમ્યાન ૨૫ સેકન્ડ વાત થયેલી તેનો ઉલ્લેખ નથી. જેથી કલાક ૧૦.૪૫ વાગે જો સાહેદ વિશાલ સાહેદ બનવારીલાલ અને અન્ય સાહેદો પાસે આવી ગયો હોય તો ૧૧.૦૪ વાળા રેકોર્ડીંગની હકીકત ખોટી ઉભી કરેલ હોવાનું માનવાનું રહે છે. વધુમાં રજુઆત છે કે સાહેદ જયપ્રકાશ બાજુમાં હોવા છતાં તેઓએ મરણજનારને બચાવવાનો કોઇ પ્રયત્ન કરેલ નહી અને ગુજરનારને કોઈ સામેથી મારે તો તે હંમેશા બચવાનો પ્રયત્ન કરે, પરંતુ બાજુમાં ઉભેલ જયપ્રકાશે જ ગુજરનારને ચપ્પુ મારેલ હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. વધુમાં રજુઆત છે કે આરોપી પાસે પોતાનો ફોન હતો જેથી આરોપીએ ગુજરનાર પાસે ફોન માંગ્યો હોય તે માનવાલાયક નથી તેમજ બનાવ પહેલા આરોપીએ કોઇ વખત ફોન માંગેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સાહેદ જયપ્રકાશ ગુજરનાર કિરોડીલાલનો સગો છે. તેઓ બંને વચ્ચે કેવા સંબંધો હતા તેની પોલીસે કોઇ તપાસ કરેલ નથી. સાહેદ કિરોડીલાલ બનાવ પછી ફોન લઇને ભાગી ગયેલો અને તા.૦૮.૧૧.૨૦૨૪ ના રોજ પાછો આવેલો. આ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ હતા તેમ છતાં તેઓ પોલીસને માહિતી આપ્યા વગર ભાગી ગયેલા. વધુમાં રજુઆત છે કે

બનાવ સાડા દસ વાગે બનેલો અને એમ્બ્યુલન્સને ફોન સવા અગીયાર વાગે કરેલ જેથી કહી શકાય કે આ બધા સાહેદોએ ભેગા થઈને ગુજરનાર કિરોડીલાલને ઈજાઓ પહોંચાડી આરોપીને ખોટી રીતે ફસાવી દીધેલ છે.

૭.૮ બચાવ પક્ષની વધુમાં રજુઆત છે કે ફરિયાદ પક્ષ તરફે તપાસ કરનાર અધિકારી હિતેશસિંહ ઝાલાને આંક–૬૪ થી તપાસવામાં આવેલા છે. તપાસ કરનાર અધિંકારીની ઉલટ તપાસ જોવામા આવે તો, તેઓના પુરાવા મુજબ કિરોડીલાલને લઈ જતા હતા તે દરમ્યાન આરોપી રવિ બેરવા નાસી ગયેલો. જયારે બનાવવાળા મકાનમાં હાજર સાહેદોના પુરાવા મુજબ આરોપી રવિ રૂમમાંથી નાસી ગયેલો. આમ, આરોપી કયાંથી નાસી ગયેલો તે અંગે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. આરોપી ચપ્પુ કયાંથી લાવેલો તે અંગે વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર પુરાવો રજુ થયેલ નથી. તપાસ કરનાર અધિકારીએ ઉલટ તપાસમાં જણાવેલ છે કે વિશાલને ચપ્પુ મારવા રવિ હાથમાં ચપ્પુ લઈને બેઠો હોય તેવું તપાસમાં ખુલેલ નથી. એ હકીકત પણ જણાવેલ છે કે તેઓ કહી શકે નહી કે ઉશ્કેરાટના કારણે બનાવ બનેલો. આ કામે કિરોડીલાલને ઉંચકીને લઈ જનારના કપડા કબજે કરવામાં આવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ ચપ્પુ ઉપરથી ફિંગર પ્રિન્ટ મેળવેલ નથી કે એફ.એસ.એલ.માં મોકલાવેલ નથી. ફરિયાદ પક્ષના કેસ મુજબ ઈજા પામનારને છાતીની ડાબી બાજુએ ઈજા થયેલી હતી અને તે વખતે ઈજા પામનારે શર્ટ પહેરેલ હતો, પરંતુ મુદામાલવાળો શર્ટ છાતીના ભાગેથી કપાયેલ હોય તેવું જણાતુ નથી. આ કામે રીકન્સ્ટ્રકશન પંચનામુ પુરવાર થયેલ નથી તેમજ તે સમયે કોઈ રીકવરી થયેલ નથી અને માત્ર આરોપીની કબુલાત રેકર્ડ ઉપર લાવવા રીકન્સ્ટ્રશન પંચનામુ કરવામાં આવેલ છે. આ સાહેદે ઈલેકટ્રોનીકસ એવીડન્સ બાબતનું કોઈ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ નથી. સાહેદ બનવારીલાલ અને સાહેદ વિશાલના વોઈસ સેમ્પલ લઈને સ્પેકટ્રોગ્રાફી કરવામાં આવેલ નથી. આ કામે

મરણજનારનો ફોન કબજે કરી અદાલતમાં રજુ કરેલ નથી. મુદ્દામાલ કબજે કર્યા પછી લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહેલ અને તે અંગેનો કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. આ કામે ગુજરનારનું મૃત્યુ પહેલા મરણોન્મુખ નિવેદન મેળવવા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેમાં મહત્વના વિરોધાભાસ છે અને ફરિયાદ પક્ષનો પુરાવો શંકારહિતનો અને વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર નથી તેમજ ફરિયાદ પક્ષના પુરાવામાં એક કરતા વધારે સંભાવના આવેલી છે. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે. વિકલ્પે આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબનો ખુનનો ગુન્હો પુરવાર થતો ન હોઇ બી.એન.એસ.ની કલમ–૧૦૫ માં પડતો હોઇ તે મુજબ યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે. આરોપી તરફે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

૧. ના.સુપ્રિમ કોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૧૫૩૩/૨૦૧૧ – શ્રીકૃષ્ણા વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ.

૨. ના.કેરાલા હાઇકોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૧૨૮૧/૨૦૧૯ – આમ્મેદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા

૩. ૨૦૦૯(૧) જી.એલ.આર. ૨૪૫ – સરવણસીંગ ઓમકારસીંગ રાઠોડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૪. ૨૦૨૪ એ.આઇ.આર.(સુ.કો.) ૩૦૭૭ – જસોબન્તા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા

૫. ૧૯૭૬(૧) એસ.સી.સી. ૮૨૮ – મોહંમદ ઇનાયતુલ્લાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૬. ૨૦૨૩(૬) એસ.સી.સી. ૬૦૫ – નિખીલચંદ્ર મોન્ડલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બેસ્ટ બેંગાલ

૭. ૨૦૨૫(૦) એ.આઇ.આર. (સુ.કો.) ૫૭૧૯ – ગોવિંદ

વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાળા

૮. ૨૦૦૯(૧) જી.એલ.આર.૭૯૦ – ડાહયાભાઇ રેવાભાઇ ચમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૯. ના.કર્ણાટક હાઇકોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૨૩૯/૧૯૯૮ – સ્ટેટ વિરૂધ્ધ ચેનકપ્પા

૧૦. ના.દિલ્હી હાઇકોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૮૪૦/૨૦૧૭ – શૈલેષકુમાર અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ

૧૧. ૨૦૦૪ એસ.સી.સી. (ક્રિમીનલ) ૪૨૮ – સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ મની રામ

૧૨. ૨૦૨૫(૨) ક્રાઇમ્સ ૪૧ – અસલમ ઉર્ફે ઇમરાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ.

૧૩. ના.સુપ્રિમ કોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૮૬૬/૨૦૧૧ – મન્જુનાથ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક

૭.૯ ત્યારબાદ આરોપીના વિ.વકીલશ્રીએ આંક–૯૧ થી દલીલ અંગેના મુખ્ય મુદ્દા (શોર્ટ સમરી) રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે એવી રજુઆત છે કે આ કામે મુદ્દામાલની રીકવરી શંકાસ્પદ છે. જે વાતચીતની જે સી.ડી. રજુ થયેલ છે તે જે વાર્તાલાપ છે તેમાં બનાવટ કરેલ હોવાનું જણાય છે અને તે શંકાસ્પદ છે. આ કામે જે ચપ્પુ કબજે કરવામાં આવેલ છે તેનું માપ અને ઇજાનું માપ અલગ અલગ છે તેમજ આ મુદ્દામાલવાળા ચપ્પુથી ગુજરનારને થયેલી ઇજા થઇ શકે છે કે કેમ તે અંગેનો કોઇ અભિપ્રાય મેળવવામાં આવેલ નથી અને તે રીતે તબીબી પુરાવાથી મુદ્દામાલવાળા ચપ્પુથી ઇજા થયેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. આ કામે જે સાહેદો તપાસવામાં આવેલા છે તેઓના પુરાવા એકબીજાથી વિરોધાભાસી છે અને તબીબી પુરાવો પણ સાહેદોના પુરાવાથી વિરોધાભાસી છે. પુરાવા અધિનિયમની કલમ–૮ મુજબ બનાવ પહેલાની જે પરિસ્થિતિ છે અને બનાવ પછીની જે પરિસ્થિતિ છે તે તેમજ પહેલાનું સાહેદોનું વર્તન અને બનાવ પછીનું સાહેદોનું વર્તન ધ્યાને લેતાં ફરિયાદ પક્ષનો કેસ

શંકાસ્પદ બની જાય છે. સાહેદ જયપ્રકાશનું મગજ લાગણીશલ થતા ખરાબ થઇ ગયેલ અને તેવો માણસ કઇ પણ કરી શકે તે શકયતાને નકારી શકાય નહી. ફરિયાદીની જુબાની સિવાય અન્ય કોઇ એવો પુરાવો નથી કે જેનાથી પુરવાર થાય કે મરનાર પાસે ફોન હતો. ફોન રીકવર થયેલ નથી. જય પ્રકાશે જેને આ ફોન આપેલ તેને તપાસેલ નથી કે તે ફોન નંબરના સી.ડી.આર., એસ.ડી.આર. મેળવેલ નથી. જો મેડીકલ પુરાવામાં અને નજરે જોનાર સાહેદોના પુરાવામાં વિરોધાભાસ હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. આ કામે એક કરતા વધારે સંભાવના રેકર્ડ ઉપર આવેલ હોય તેનો લાભ આરોપીને આપવા અને આરોપીને આક્ષેપીત ગુન્હામાંથી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગુજરનાર કિરોડીલાલ રામપ્રસાદ મીણાનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ હતુ ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ રાતના કલાક આશરે ૮.૩૦ વાગ્યાના સુમારે ગલેન્ડા, ગ્રીનપાર્ક સોસાયટી, તા.વાગરા, જી. ભરૂચ ખાતે આરોપી રવિકુમાર પપ્પુરામ બૈરવાએ ગુજરનાર કિરોડીલાલ રામપ્રસાદ મીણા પાસે મોબાઇલ જોવા માંગતા કિરોડીલાલ મીણાએ આરોપી રવિકુમારને મોબાઇલ આપેલ નહી જેથી તે બાબતે આરોપી અને ગુજરનાર કિરોડીલાલ વચ્ચે બોલાચાલી ઝઘડો થતા આરોપી રવિકુમારે ચપ્પુ વડે ગુજરનાર કિરોડીલાલનું મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અને તેઓનું મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજાઓ પહોંચાડવાના ઈરાદાથી અને તેવા કૃત્યથી મૃત્યુ નિપજવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે ગુજરનારને છાતીની ડાબી બાજુએ ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવી ખુન કરી બી.એન.એસ.ની કલમ-૧૦૩(૧)

મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે બનાવની તારીખે સમયે અને સ્થળે આરોપીએ ચપ્પુ ધારણ કરી ગુન્હાના કામે તેનો ઉપયોગ કરી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૪. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :–</u>**

(૧૦) આ કામે ગુજરનાર કિરોડીલાલ રામપ્રસાદ મીણાનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ પ્રકારનું હતુ કે કેમ તે હકીકત પ્રથમ ચર્ચા કરવી જરૂરી જણાય છે. આ હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૨ ડો.શીતલબેન એહારીને આંક–૩૬ થી તપાસવામાં આવેલા છે તેમજ આંક–૩૯ થી પોસ્ટ મોર્ટમ રીપોર્ટ અને આંક–૪૦ થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે. સાહેદ નં. ૧૨ ડો. શીતલબેનના પુરાવા મુજબ તા. ૨૬.૧૦.૨૦૨૪ ના તેઓ રોજ ભરુચ સીવીલ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતા તે દરમ્યાન દહેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી એચ.પી.ઝાલાના ઈન્કવેસ્ટ પંચનામા સાથે પો.કો. જીગરસિંહ નટવરજી બ.નં. ૧૪૦૧ એક ડેડ બોડીનું પી.એમ. કરવા માટે લઈને આવેલ. જેની યાદી તેમણે તા. ૨૬.૧૦.૨૦૨૪ ના રોજ સવારના ૯.૩૦ કલાકે સ્વીકારેલી અને લાશનું પી.એમ. ચાલુ કરેલ. શબ કિરોડીલાલ

રામપ્રસાદ મીણા રહે. ગ્રીનપાર્ક રેસીડેન્સી તા. વાગરા જી.ભરુચનાઓનું હતુ. જેની ઓળખાણ રામકેશ શ્રવણકુમાર મીણાએ કરેલી. તા. ૨૬.૧૦.૨૦૨૪ ના રોજ સવારના ૯.૩૦ કલાકે સ્વીકારેલી અને તેનુ પી.એમ. ચાલુ કરેલ. ડેડ બોડીને તપાસતા તે પુરુષની ૨૩ વર્ષની આસપાસ ની હતી. તેના શરીર ઉપર સફેદ કલરના ફુલોના ડીઝાઇન વાળુ શર્ટ અને જમણા હાથ પર એક જ બાચ હતી અને બ્લ્યુ કલરનુ અંડરવેચર પહેરેલ હતો. બોડીના કપડા અને શરીર લોહીથી ખરડાયેલા હતા. ડેડ બોડી રીલેટીવ દ્વારા ઓળખાણ પામેલ હતી. તે ઠંડી અને મધ્યમ બાંધાની હતી. શરીર ઉપર રાયગરમોટીસ (શરીર અકડાઈ જવુ) હતુ. પોસ્ટ મોર્ટમ લીવીડીટી પાછળના ભાગે પીઠ ઉપર થાપાના ભાગે અને પાછળના પગના ભાગે હતી જે ફીક્સ હતી. આંખો બંધ હતી. કીકી પહોળી થઇ ગયેલ હતી. મોઢું બંધ હતુ અને દાંત તથા જીભ પર કોઇ ઈજા ન હતી. ડેડ બોડીના ગુપ્તભાગે કોઈ ઈજા ન હતી. ડેડ બોડીની તપાસ કરતા તેમને ડાબા છાતીના ભાગે તીક્ષ્ણ ભોંકાયેલો ઘા (સ્ટેબ વુન્ડ ) હતો. જે ડાબી બાજુ બીજી અને ત્રીજી પાંસળીની વચ્ચે ૭ સે. મી. મીડલેવીકયુલરની નીચે, ૯ સે.મી. સ્ટરનમની ડાબી બાજુએ, ૭ સે.મી. નીપલથી ઉપર અને ૧૦ સે.મી. એકઝીલરી લાઇન થી ડાબી બાજુએ હતી જેમાં બે સ્ટીચ લીધેલા હતા. સ્ટીચને ઓપન કરતા તે ૭ સે. મી. X ૩ સે. મી. અને અંદાજીત અંદરની સાઈડે ૧૦ સે. મી. જેટલો ઉંડો તીક્ષ્ણ ઘા હતો. જેની માર્જીન અને એઈજ તીક્ષ્ણ હતી. જે આડો અને અંડાકાર આકારનો હતો. તે લાલ કલરનો હતો. તે ઘા ને દબાવતા તેમાંથી બ્લડ નીકળતુ હતું. શબના કોઈપણ ભાગ ફ્રેક્ચર જણાયેલ ન હતું. આ ઈજા મરણ પહેલાની હતી. માથાની અંદર તપાસ કરતા તેમાં કોઈપણ પ્રકારની ઈજા જોવા મળેલ નહી અને બ્રેઈન ફીકુ પડી ગયેલ હતુ. આંતરીક તપાસ કરતા છાતીના ભાગે જે કોલમ નં. ૧૭ માં જણાવેલ ઈજા પ્રમાણે તે તીક્ષ્ણ ઈજાને ખોલતા ચામડી, ચરબી, સ્નાયુને કટ કરીને નીચે પાછળની બાજુ તેમજ અંદરની સાઈડે કટ

કરીને ફેફસાની અંદર પ્રવેશ કરેલ હતો જેની સાઈઝ ૨ સે. મી. X ૧ સે.મી. તિક્ષણ ફેફસાના અપર લોબમાં હતી. તેના કારણે ફેફસામાં લોહીનો ભરાવો થયેલ હતો. ત્યારબાદ આ ઈજા નીચે પાછળ અને અંદરની સાઈડે જઈ હાયમાં પ્રવેશ કરેલ હતો જે હૃદયના ડાબા ક્ષેપકમાં કાણું પાડેલ હતું જે ૧ સે. મી. X ૧ સે. મી. નુ હતું. છાતીના ભાગે ૧૭૦૦ થી ૨૦૦૦ એમ.એલ. જેટલું લોહીનો ભરાવો થયેલો હતો. તેઓના અભિપ્રાય પ્રમાણે મૃત્યુનું કારણ ફેફસા અને હ્રદયમાં વાગવાથી લોહી વહી જવાના કારણે થયેલ છે તેમજ એફ.એસ.એલ. ખાતે મોકલાવેલા વિષેરાના રીપોર્ટ મળ્યા પછી ફાઈનલ અભિપ્રાય આપી શકાય તેવુ રીપોર્ટમાં જણાવેલ છે. ત્યારબાદ તા. ૦૭.૧૨.૨૦૨૪ ના રોજ એફ.એસ.એલ. ખાતેનો રીપોર્ટ આવેલો જેમાં કોઈપણ પ્રકારની ઝેરની હાજરી મળેલ નથી જેથી તેમના ફાઈનલ અભિપ્રાય મુજબ આ વ્યક્તિનુ મૃત્યુનું કારણ ફેફસા અને હ્રદયમાં વાગવાથી લોહી વહી જવાના કારણે થયેલ છે.

૧૦.૧ આ કામે આંક–૧૩ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલા નજરે જોનાર સાહેદોએ પોતાના પુરાવામાં આરોપીએ ચપ્પુ વડે મરણજનાર કિરોડીલાલને છાતીના ભાગે ઈજા કરેલ હોવાનું અને આ ઈજાના કારણે મૃત્યુ નિપજેલ હોવાની હકીકતો જણાવેલી છે. આમ, નજરે જોનાર સાહેદોનો પુરાવો, મેડીકલ ઓફિસરશ્રીનો પુરાવો, પોસ્ટ મોર્ટમ રીપોર્ટ, મરણનું કારણ દર્શાવતુ પ્રમાણપત્ર, મરણોત્તર પંચનામુ વિગેરે પુરાવાથી ગુજરનાર કિરોડીલાલ રામપ્રસાદ મીણાનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ પ્રકારનું હોવાનું પુરવાર થાય છે. જેથી **મુદ્દા નં. ૧ નો નિર્ણય 'હકારમાં'** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર : ૨ ની ચર્ચા અને પુરાવાનું વિશ્લેષણ :**

(૧૧) આ કામે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અને તેનું વિશ્લેષણ કરતા પહેલા એ હકીકત ધ્યાને લેવી જરૂરી જણાય છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત

અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુન્હો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન કરવાનું રહે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શીકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે. પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજીક મોભો, સામાજીક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબતો ધ્યાને લઈ મૂલ્યાંકન કરવાનું હોય છે. સામાન્ય વિરોધાભાસ કયારેક પુરાવામાં આવતા હોય છે પરંતુ આવા વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરિયાદ પક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે, પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે અદાલતે તે ધ્યાને લેવાના હોય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર અને ભારતીય ન્યાય પ્રણાલીમાં "Falsus in uno falsus in omnibus" એટલે કે એક વાતમાં ખોટુ તે સર્વત્ર ખોટુ તે સિધ્ધાંત સ્વીકારવામાં આવેલ નથી. અદાલતે એ બાબત પણ ધ્યાને લેવાની રહે છે કે ઘણા સમય બાદ સાહેદો જુબાની આપતા હોય છે જેથી જે તે સાહેદની શૈક્ષણિક લાયકત, યાદશકિત, અવલોકન શકિત, બનાવનો પ્રકાર અને બનાવની ગંભીરતા વિગેરે બાબતો પણ મહત્વપુર્ણ બની રહે છે. બહુ જુજ સાહેદો એવા મળી આવે છે કે જેઓના પુરાવામાં અસત્યનો અંશ, અતિશયોકિત, સાચી હકીકત સાથે અન્ય ખોટી હકીકતોનું મિશ્રણ કે શણગાર ન હોય. આવા સંજોગોમાં અદાલતની એ ફરજ છે કે આવા પુરાવાનું સાવચેતી તેમજ બારીકાઇપુર્વક ચકાસણી કરી અને જેમ ઘઉમાંથી કાંકરા વિણે તેમ અસત્યમાંથી સત્ય તારવી લેવામાં આવે.

(૧૨) વધુમાં સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે એ બાબત ધયાને લેવી જરૂરી છે કે દરેક વ્યકિત અલગ અલગ પરિસ્થિતિમાં એક જ રીતે વર્તે તે જરૂરી નથી. દરેક વ્યકિતનું માનસિક સંતુલન, તેઓમાં રહેલો ભય વિગેરેને પણ ધ્યાનમાં લેવા જરૂરી છે. દરેક માનવીની વર્તણૂંક

એક જ પરિસ્થિતિમાં વ્યકિતએ વ્યકિતએ અલગ અલગ હોઈ શકે છે અને સામાન્ય વર્તણૂંકની કોઈ ચોકકસ રીત હોતી નથી અને તેથી નજરે જોનાર સાહેદોનો પુરાવો એ કારણસર નકારી શકાય નહી કે તેઓ ચોકકસ પરિસ્થિતિમાં ચોકકસ રીતે વર્તેલ નથી. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને આ કામે કરેલ છે. આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો એ.આઈ.આર. ૨૦૦૪ એસ.સી. ૩૬૯૦ – સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ વિરૂધ્ધ દેવેન્દ્રસિંહનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદાના ફકરા–૬ માં નીચે મુજબ ઠરાવેલ છે.

"In view of the rival submissions it has to be first seen whether prosecution has established its case. Strictly speaking, the case is not of circumstantial evidence. Human behavior varies from person to person. Different people behave and react differently in different situations. Human behaviour depends upon the facts and circumstances of each given case. How a person would react and behave in a particular situation can never be predicted. Every person who witnesses a serious crime reacts in his own way. Some are stunned, become speechless and stand rooted to the spot. Some become hysteric and start wailing. Some start shouting for help. Others run away to keep themselves as far removed from the spot as possible. Yet others rush to the rescue of the victim, even going to the extent of counter-attacking the assailants. Some may remain tightlipped overawed either on account of the antecedents of the assailant or threats given by him. Each one reacts in his special way even in similar circumstances, leave alone, the varying nature

depending upon variety of circumstances. There is no set rule of natural reaction. To discard the evidence of a witness on the ground that he did not react in any particular manner is to appreciate evidence in a wholly unrealistic and unimaginative way." વધુમાં આ તબકકે ૨૦૨૩(૫) સ્કેલ ૧૪૧ – બાલુ સુદામ ખલડે વિરૂઘ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રનો ચુકાદો ઘ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદામાં ના.સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવેલ છે.

"**25.** The appreciation of ocular evidence is a hard task. There is no fixed or straight-jacket formula for appreciation of the ocular evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under:

"I. While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief.

II. If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial court and

unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.

III. When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the court is justified in jettisoning his evidence.

IV. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.

V. Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

VI. By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

VII. Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the

occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

VIII. The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

IX. By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

X. In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.

XI. Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

XII. A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up

facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

XIII. A former statement though seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness.” [See Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat 1983 Cri LJ 1096 : (AIR 1983 SC 753) Leela Ram v. State of Haryana AIR 1995 SC 3717 and Tahsildar Singh v. State of UP (AIR 1959 SC 1012)]"

**27.** In assessing the value of the evidence of the eyewitnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which

a Court would attach to their evidence. Although in cases where the plea of the accused is a mere denial, the evidence of the prosecution witnesses has to be examined on its own merits, where the accused raise a definite plea or put forward a positive case which is inconsistent with that of the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution evidence."

આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં રેકર્ડ ઉપર આવેલ સામાન્ય વિરોધાભાસ અવગણવાના રહે છે. સાહેદો ફોટોગ્રાફીક મેમરી (છબી જેવી યાદશકિત) ધરાવતા હોતા નથી અને તેઓ ટેપ રેર્કોડરની માફક જુબાની આપે તે સંભવ નથી. સાહેદો ઘણા સમય બાદ અદાલતમાં જુબાની આપતા હોય છે જેથી બનાવ બનવાની રીત, ક્રમ, પધ્ધતિ કે બનાવનો ચોકકસ સમય જણાવવામાં સામાન્ય તફાવત આવે જે સહજ છે. બનાવ અચાનક જ બનેલો હોય છે અને તેથી દરેક સાહેદ પોતાની માનસિક સ્થિતિના આધારે તે બનાવને યાદ રાખતા હોય છે અને પોતાની યાદશકિત અને અવલોકનશકિત મુજબ તેનો પુરાવો રેકર્ડ ઉપર આપતા હોય છે. દરેક સાક્ષીઓની અવલોકન શકિત અલગ અલગ હોય છે. જે બનાવની હકીકત એક સાહેદે જોયેલ હોય તે અન્ય સાહેદોએ ન પણ અનુભવેલ હોય, જેથી બનાવ બનેલો જ નથી તેમ કહી શકાય નહી. દરેક સાહેદ ચોકકસ ક્રમબધ્ધ દરેક હકીકતોનું પુનરાવર્તન કરે તે શકય નથી અને જરૂરી પણ નથી. વધુમાં સાહેદો ઘણા સમય પછી જુબાની આપતા હોય છે અને ઉલટ તપાસમાં કરવામાં આવતા પ્રશ્નો અંગે મુંઝવલ અનુભવતા હોય છે અને પોતે આપેલ જવાબથી પોતે અન્યની હાજરીમાં મુર્ખ સાબિત ન થાય તેમજ તેઓએ જણાવેલી હકીકતો માનવામાં નહી આવે તેવી સ્થિતિ પણ સર્જાતી હોય છે અને તે કારણસર નજરે જોનાર

સાહેદોના પુરાવાને અવગણી શકાય નહી. વધુમાં સાહેદોએ પોતાના અગાઉના નિવેદનથી વિપરીત હકીકતો અદાલત રૂબરૂ જણાવેલ હોવા માત્રથી તેઓનો પુરાવો ખોટો છે તેમ કહી શકાય નહી તેમજ એક સાહેદના પુરાવાને અન્ય સાહેદોના પુરાવામાં રહેલ વિરોધાભાસને કારણે ખોટો છે તેવું કહી શકાય નહી. નજરે જોનાર સાહેદનો પુરાવો એ વધુ પુરાવાકીય મૂલ્ય ધરાવે છે, સિવાય કે એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય કે તેમનો પુરાવો ખોટો અને ઉપજાવી કાઢેલ છે. વધુમાં નજરે જોનાર સાહેદોના પુરાવાથી તેઓની હાજરી બનાવ સમયે પ્રસ્થાપિત થાય છે તેમજ ઈજા પામનાર પોતે કે તેઓના સગાઓ સાચા આરોપીને કયારે છોડતી નથી અને નિર્દોષ વ્યકિતને કયારે ગુન્હામાં સંડોવતી નથી. નજરે જોનાર સાહેદોના પુરાવામાં જો કોઇ વિસંગતા અને અતિશયોકિત હોય તો તેટલા પુરતો પુરાવો અવગણી શકાય, પરંતુ સમગ્ર પુરાવો અવગણી શકાય નહી. આમ, નજરે જોનાર સાહેદોનો સમગ્ર પુરાવો ઘ્યાને લેવાનો રહે છે અને સામાન્ય વિરોધાભાસ કે જે ઘણા સમય બાદ અદાલતમાં જુબાની આપવામાં આવતી હોવાના કારણે યાદશકિત મજબુત નહી હોવના કારણે આવતા હોય તો તેને અવગણવાના રહે છે.

(૧૩) ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે સાહેદ નં. ૮ તરીકે બનાવ નજરે જોનાર સાહેદ જયપ્રકાશ ફલીરામ મીનાને આંક–૩૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ જે ઘરમા રહેતા હતા તેમા બે રૂમ અને એક રસોડુ હતુ તેમા તેઓ સાત જણા રહેતા. તેમના મકાનની આજુબાજુમા બીજા વીસેક મકાન હતા અને કોલોની જેવું હતું. તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ સવારે આઠ વાગે તેઓ, કિરોડી લાલ, વિશાલ, બનવારી, રવિ, રામકેશ કામ પર ગયેલા. રીંકુ કામ ઉપર તે દિવસે આવેલો નહિ. રવિ અને રામકેશ બપોરે એક વાગે છુટી લઈને રૂમ ઉપર જતા રહેલા. તેઓ, કિરોડી લાલ, વિશાલ અને બનવારી સાંજે સાતેક વાગે રૂમ પર પહોચેલા. તેમણે રૂમ ઉપર જઈને ખાવાનું બનાવેલુ અને તેમણે અને

કિરોડીલાલે ખાવાનુ ખાધેલું. વિશાલ રાત્રે આઠ વાગે પાછો કામ ઉપર એકલો ગયેલો. તેઓ, બનવારી અને કિરોડી આરામ કરતા હતા અને રવિ દારૂ પી રહયો હતો. રવિએ કિરોડીલાલ પાસે મોબાઈલ માંગેલો. કિરોડી મોબાઈલમાં કંઈ કરી રહયો હતો અને તેણે મોબાઇલ રવિને આપેલો નહિ. રવિના હાથમા પહેલાથી ચાકુ હતુ. રવિએ તેમને કીધેલુ કે વિશાલને આવવા દો તો હુ તેને ચાકુ મારીશ. તેમને એવુ લાગ્યુ કે રવિ મજાક કરે છે. રવિએ તે વખતે દારૂ પીધેલો હતો. કિરોડીલાલે મોબાઇલ રવિને આપેલો નહિ એટલે તેણે ચાકુ કિરોડીલાલના છાતીના ડાબી બાજુના ભાગે એક ઘા કરેલો અને રવી ભાગી ગયેલો. કિરોડીલાલને ચાકુ વાગતા તે હાથ છાતી પર દબાવીને ઉભો રહેલો તો રામકેશે કિરોડી લાલના છાતીના ભાગે રૂમાલ બાંધેલો. બનવારીએ વિશાલને ફોન કરેલો અને કહેલુ કે રવિએ કિરોડી લાલને ચાકુ મારેલ છે અને ભાગી ગયો છે. તેઓ, રામકેશ, બનવારી અને રીંકુ કિરોડી લાલને હાથથી ઉઠાવીને તેમના રૂમ પરથી એડધો એક કિલોમીટર એક બજાર પડે છે ત્યાં લઈ ગયેલા. ત્યાં તે વખતે વિશાલ આવી ગયેલો. વધુમાં આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે પોલીસ પછી તેમને કોર્ટમાં લઇ ગયેલી અને તેમને કોર્ટમાં પુછેલુ કે શું થયુ તો તેમણે જે બનાવ બનેલો તેની હકીકત જણાવેલી. આ સાહેદને જુબાની દરમ્યાન રેકર્ડમાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વાગરા સમક્ષનું તા.૨૦.૧૧.૨૦૨૪ ના રોજનું નિવેદન બતાવવામાં આવતા તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. વધુમાં આ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે તેમજ મુદામાલ ચપ્પુ, ચટાઇ, ગુજરનારે બનાવ વખતે પહેરેલ ચડ્ડી, શર્ટ, પેન્ટ ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત આ સાહેદને જુબાની દરમ્યાન નિ.૧૧/૩ થી રજુ થયેલ (આંક–૮૮ વાળી) સી.ડી. સંભળાવવામાં આવતા તે સાંભળીને જણાવેલ છે કે આ અવાજમાં બનવારીએ વિશાલને જે ફોન કરેલો તે જ છે અને બનવારી વિશાલને જણાવે છે કે

રવિએ કિરોડીને ચાકુ મારેલુ છે અને લેવાના દેવા થઇ જશે, તુ જલ્દીથી ગાડી લઇને આવી જા. આમ, આ સાહેદ જયપ્રકાશ ફલીરામ મીનાએ પોતાની જુબાનીમાં તેઓ બનાવ વખતે બનાવ સ્થળે હાજર હતા અને તેઓની હાજરીમાં જ આરોપીએ ગુજરનારને છાતીની ડાબી બાજુએ ચપ્પુ વડે ઘા કરી ઈજાઓ કરેલ હોવાનો અને તેઓએ બનાવ નજરે જોયેલ હોવાનો સ્પષ્ટ પુરાવો આપેલ છે.

૧૩.૧ આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેઓ સાત વચ્ચે મતભેદ, અણબનાવ કે દુશ્મની ન હતી. એ હકીકત છે કે જયારે બનાવ બન્યો ત્યારે તેઓ, કિરોડીલાલ, રવિ અને બનવારી રૂમમાં હતા. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે રીન્કુ અને રામકેશ બીજા રૂમમાં હતા. એ હકીકત કબુલેલ છે કે બનાવ બન્યો ત્યારે તેઓ અને બનવારીલાલ ત્યારે કિરોડીલાલની બાજુમાં જ હતા. જેથી આ સાહેદ જયપ્રકાશે ઉલટ તપાસમાં કબુલેલ કે તેઓ અને બનવારી બંને બનાવ વખતે રૂમમાં હાજર હતા ત્યારે તે હકીકત નહી માનવા માટેનું કોઇ કારણ રહેતુ નથી. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ જોતાં એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે તેઓને, ગુજરનારને તેમજ અન્ય સાહેદોને આરોપી સાથે કોઇ દુશ્મનાવટ ન હતી. જેથી આરોપીને ગુન્હામાં ખોટી રીતે સંડોવી દેવા માટેનું કોઇ કારણ રહેતુ નથી.

૧૩.૨ આ સાહેદ જયપ્રકાશભાઇને ઉલટ તપાસમાં ''જયારે બનાવ બન્યો ત્યારે તમે અને બનવારીએ કિરોડીને બચાવવાની કોશીશ કરેલી નહિ વાત સાચી ?'' તેવો સવાલ પુછવામાં આવતા આ સાહેદે જવાબમાં જણાવેલ છે કે ''રવિએ અચાનક જ ચાકુ કિરોડીને મારી દિધેલુ. કિરોડીને અને અમને પણ ખબર ન હતી કે રવિ ચાકુ મારી દેશે.'' ઉલટ તપાસની આ હકીકત ધ્યાને લેતાં પણ આરોપી રવિકુમારે કિરોડીને ચાકુ મારી દીધેલ હોવાની હકીકતને તેમજ આ સાહેદ તેમજ સાહેદ બનવારી બનાવ વખતે સ્થળ ઉપર જ હાજર હતા તે હકીકતને વિશ્વસનીય સમર્થન મળે છે. વધુમાં બનાવ વખતે આરોપી બનાવ સ્થળે હાજર ન હતા તેવો કોઇ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ

હોવાનું જણાતુ નથી.

૧૩.૩ આ સાહેદ જયપ્રકાશે ઉલટ તપાસમાં કબુલેલ છે કે કિરોડી લાલને ચાકુ વાગતા તેને ખુબ લોહી નીકળતુ હતુ. બનાવવાળી જગ્યાએથી હોસ્પીટલ લઈ જતા આશરે દોઢેક કલાકનો સમય થયેલો. કિરોડીને વાગ્યા બાદ તેઓ હોસ્પીટલ પહોંચ્યા ત્યાં સુધી તે બેહોશ થયેલો નહી. થોડો સમય બેહોશ થતો હતો અને પછી ભાનમાં પણ આવતો હતો અને કહેતો હતો કે પ્રકાશભાઈ બચાવી લે. આ હકીકત ધ્યાને લેતાં કિરોડીલાલને ઈજાઓ થતા ખુબ લોહી નીકળેલુ અને ઈજાગ્રસ્તને ફરિયાદી અને સાહેદો હોસ્પીટલમાં લઈ ગયેલા અને તે વખતે ઈજા પામનાર કિરોડીલાલ જીવતો હતો તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જો આ સાહેદ જયપ્રકાશે કિરોડીલાલને ઈજા પહોંચાડી હોત તો કિરોડીલાલે જયપ્રકાશનું નામ લીધુ હોત અને જો કિરોડીલાલને જયપ્રકાશે ઈજા કરી હોત કે અન્ય કોઈ સાહેદે ઈજા કરી હોત તો આરોપી ત્યાંથી નાસી ગયા ન હોત. આરોપીની આ વર્તણૂંક શંકાસ્પદ બની રહે છે. આ ઉપરાંત સાહેદ જયપ્રકાશના પુરાવા મુજબ રામકેશ, વિશાલ, બનવારી અને તેઓ એમ્બ્યુલન્સમાં કિરોડીલાલની સાથે એક નાના દવાખાનામાં ગયેલા ત્યાં ડોકટરે કિરોડીલાલને દવાની બોટલ ચઢાવેલી અને ડોકટરે કિરોડીલાલને ભરૂચ હોસ્પીટલમાં રીફર કરેલા. ત્યારબાદ તેઓ, બનવારી, વિશાલ અને રામકેશ એમ્બયુલન્સમાં કિરોડીલાલને ભરૂચ મોટી હોસ્પીટલમાં લઈ ગયેલા તે વખતે સવારના ત્રણ સાડા ત્રણ વાગ્યાનો સમય થયેલો ત્યારે તેઓ હોસ્પીટલ પહોંચેલા અને ત્યાં હાજર પોલીસવાળાનુ પુછેલ કે કિરોડીલાલને કેવું છે ? તો પોલીસે જણાવેલ કે કિરોડીલાલ ગુજરી ગયેલ છે. આ કિરોડીલાલ તેઓના પરિવારના હતા અને ભાઈ હતા જેથી તે મરી ગયેલ એટલે તેઓનું મગજ ખરાબ થઈ ગયેલ જેથી તેઓ ત્યાંથી જતા રહેલા. આમ, આ સાહેદ જયપ્રકાશ ગુજરનારને ઈજા થયા પછી નાસી ગયેલ નથી અને તેઓ અન્ય સાહેદોની સાથે ઈજા પામનાર કિરોડીલાલને હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ છે.

આમ, આ સાહેદની ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય કે આ સાહેદના પુરાવામાં શંકા ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

૧૩.૪ આમ, સાહેદ નં.૮ જયપ્રકાશ ફલીરામ મીનાના આંક–૩૧ ના પુરાવાથી આરોપી રવિકુમાર બૈરવાએ મરનાર કિરોડીલાલ રામપ્રસાદ મીનાને ચપ્પુ વડે ડાબી છાતીના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડતા સારવાર દરમ્યાન ઈજા પામનાર કિરોડીલાલ આ ઈજાઓના કારણે ગુજરી ગયેલ હોવાની હકીકતને વિશ્વસનીય અને નિ:શંકપણે સમર્થન મળે છે. આ સાહેદના ગુજરનાર કિરોડીલાલ સગા હતા અને પરિવારના હતા તેવી હકીકત આ સાહેદે પોતાની જુબાનીમાં અને ઉલટ તપાસમાં જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતાં સામાન્ય રીતે મરનારના સગા કોઈ સાચા આરોપીને છોડતી નથી અને નિર્દોષ વ્યકિતને ગુન્હામાં ખોટી રીતે ફસાવતી નથી. વધુમાં આ સાહેદને તેમજ ગુજરનારને આરોપી સાથે કોઇ મતભેદ, અણબનાવ કે દુશ્મનાવટ ન હતા. જેથી આરોપીને ગુન્હામાં ખોટી રીતે ફસાવવા માટેનું આ સાહેદને કોઇ કારણ ન હતુ. જેથી આ સાહેદના પુરાવાને નહિ માનવા માટેનું કોઈ કારણ રહેતુ નથી.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે બીજા નજરે જોનાર સાહેદ નં.૧૪ બનવારીલાલ બદરીપ્રસાદ મીનાને આંક–૪૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ વર્ષ ૨૦૨૪ માં ગુજરાતમાં ગલેન્ડા તાલુકો વાગરા જી. ભરુચ મુકામે કામ કરવા આવેલા. તેઓ સાત જણા હતા. તેઓ બધા એક જ રુમમાં રહેતા હતા. તેમની સાથે કામ કરવામાં બીજા રવિ બેરવા, રામકેશ મીના, જયપ્રકાશ મીના, વિશાલ મીના, કીરોડીલાલ મીના, રીન્કુ હતા. તેઓ બધા સવારે આઠ વાગે નોકરી જતા હતા અને સાંજે સાડા સાત વાગે પાછા આવતા હતા. વર્ષ ૨૦૨૪ના ઓક્ટોમ્બર મહીનામાં બનાવ બનેલો. સવારે આઠ વાગે તેઓ બધા કામ પર ગયેલા પરંતુ રીન્કુ આવેલ નહી. રવિ અને રામકેશ બપોરે રુમ પર આવી ગયેલા. ત્યારબાદ અમે બીજા ચાર

જણા રુમ પર સાંજે ગયેલા વિશાલ રાતે આઠ સાડા આઠ વાગે ફરી કંપનીમાં ગયેલ. ત્યારબાદ તેઓએ ખાવાનુ બનાવેલું. તેઓ ખાવાનુ ખાધા પછી આરામ કરતા હતા. કીરોડી તે વખતે મોબાઈલ જોતો હતો અને રવિએ તે વખતે મોબાઇલ માંગેલો. કીરોડીના મોબાઈલની બેટરી ઓછી થતી હતી એટલે રવિને મોબાઈલ આપેલો નહી. રવિની પાસે પહેલેથી ચાકુ હતું. રવિને મોબાઈલ આપેલો નહી એટલે તેણે કીરોડીલાલના છાતીમાં ચાકું મારેલું. ત્યારપછી રવિ ચાકુ લઈને ભાગી ગયેલો. કિરોડીલાલ પડી ગયેલો અને તેઓએ તેને સંભાળેલો. ત્યારબાદ તેમણે તેમના મોબાઇલ નં. ૮૭૪૨૦૯૯૦૩૭ થી વિશાલના ફોન પર ફોન કરેલો. વિશાલનો ફોન નંબર ૮૦૦૦૪૨૦૩૪૪ હતો. તેમણે વિશાલને ફોન પર જણાવેલું કે રવિએ કીરોડીલાલને ચાકુ મારેલુ છે અને તુ જલદી સાધન લઈને આવી જા. ત્યારબાદ તેઓ, જયપ્રકાશ, રામકેશ અને રીન્કુ કીરોડીલાલને હાથેથી ઉઠાવીને બસ સ્ટેન્ડ તરફ લઇ ગયેલા. ત્યારબાદ રસ્તામાં વિશાલ તેમને મળેલ અને તે પણ તેમની સાથે આવેલ. વધુમાં જણાવેલ છે કે કિરોડીલાલને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ અને થોડીવાર પછી ડોકટરે કહેલ કે કિરોડીલાલ ગુજરી ગયેલ છે. વધુમાં જણાવેલ છે કે બનાવના એકાદ મહિના પછી પોલીસ તેઓને વાગરા કોર્ટમાં જજ સાહેબ પાસે લઇ ગયેલ અને ત્યાં તેઓએ જુબાનીમાં જણાવેલી હકીકતો મુજબની હકીકતો જણાવેલી. આ સાહેદને બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, વાગરા સમક્ષનું તા.૨૦.૧૧.૨૦૨૪ ના રોજનું નિવેદન બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ ચપ્પુ, ચટાઇ, શર્ટ, ચડ્ડી, સાહેદ રવિએ બનાવ વખતે પહેરેલ, લાલ કલરની ટી–શર્ટ, પાઇજામો, રવિએ પહેરેલ ટી–શર્ટ, પાઇજામો ઓળખી બતાવેલ છે. આ સાહેદને આંક–૧૧ ના લીસ્ટથી રજુ થયેલ પેનડ્રાઇવમાંની ઓડીયો સંભળાવવામાં આવતા

જણાવેલ છે કે ''મે બનાવ બન્યા બાદ મારા મોબાઇલ ફોનથી વિશાલના મોબાઇલ ફોન પર ફોન કરીને જણાવેલ કે રવિએ કિરોડીને ચાકુ મારેલ છે અને મે વિશાલને સાધન લઇને જલદી આવવા જણાવેલુ તેવું સંભળાય છે.'' આમ, આ સાહેદે પોતાની જુબાનીમાં તેઓ બનાવ વખતે બનાવ સ્થળે હાજર હતા અને તેઓની હાજરીમાં જ આરોપીએ ગુજરનારને છાતીની ડાબી બાજુએ ચપ્પુ વડે ઘા કરી ઈજાઓ કરેલ હોવાનો અને તેઓએ બનાવ નજરે જોયેલ હોવાનો સ્પષ્ટ પુરાવો આપેલ છે.

૧૪.૧ બનાવ નજરે જોનાર બનવારીલાલની આરોપી તરફે વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઉલટ તપાસમાં જણાવેલ છે કે તેઓ સાતે જણા વચ્ચે સારૂ બનતુ હતુ. એ હકીકત કબુલેલ છે કે રવિ અને કિરોડી વચ્ચે અગાઉ કયોય કોઈ ઝઘડો કે દુશ્મનાવટ ન હતી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે કિરોડી અને રવિ સાથે જ કામ કરવા માટે આવેલા. બનાવ બન્યો ત્યારે તેઓ ચાર જણા રૂમમાં હતા. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે બીજા બે જણા બીજા રૂમમાં હતા. એ હકીકત કબુલેલ છે કે તેઓ ચાર જણા જયાં આરામ કરતા હતા તે રૂમના દરવાજાથી બહાર નીકળી શકાય તેમ હતુ. ઉલટ તપાસમાં વધુમાં જણાવેલ છે કે રવિએ કિરોડીલાલને સીધુ ચાકુ જ મારી દીધેલુ એટલે તેમને બચાવવાનો પ્રસંગ બનેલ નહી. એ હકીકત કબુલેલ છે કે કિરોડીનો બધો સામાન રૂમમાં હતો અને તેનો ફોન જયપ્રકાશ લઇને ભાગી ગયેલો. એ હકીકત કબુલેલ છે કે બીજા રૂમમાંથી તેઓ જે રૂમમાં આરામ કરતા હતા તેમાં જોઈ શકાય નહી.

૧૪.૨ આમ, બનાવ નજરે જોનાર સાહેદ બનવારીલાલ (આંક–૪૨) ની જુબાનીથી આરોપી રવિએ ગુજરનાર કિરોડીલાલ પાસે મોબાઇલ માંગતા કિરોડીલાલે ના આપતા આરોપી રવિએ પોતાની પાસેનો ચાકુ કિરોડીલાલના છાતીમાં મારેલુ અને તે વખતે તેઓ તથા જયપ્રકાશ બનાવ સ્થળે રૂમમાં હાજર હતા અને તેઓએ સમગ્ર બનાવ બનતા નજરે જોયેલ હોવાનો નિ:શંક, સમર્થનકારી અને સ્વીકારાપાત્ર પુરાવા

રેકર્ડ ઉપર આપેલ છે. આરોપી તરફે કરવામાં આવેલી સમગ્ર ઉલટ તપાસથી આ સાહેદના પુરાવામાં કે ફરિયાદ પક્ષના કેસમાં કોઇ શંક ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ઉલટાનું રવિ અને કિરોડી વચ્ચે અગાઉ કયારેય કોઇ ઝઘડો કે દુશ્મનાવટ ન હતી અને કિરોડી અને રવિ સાથે જ કામ કરવા માટે આવેલા તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આ સાહેદ અને આરોપી વચ્ચે કોઇ દુશ્મનાવટ કે તકરાર થયેલી હોય તેવો પણ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં આ સાહેદને આ ગુન્હામાં આરોપીને ખોટી રીતે ફસાવવા માટેનું કોઇ કારણ નથી.

(૧૫) ફરિયાદ પક્ષ્ તરફે સાહેદ નં.૨૨ તરીકે ફરિયાદી રામકેશ શ્રવણકુમાર મીનાને આંક–૫૭ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ સાહેદ બનાવ વખતે બનાવવાળા મકાનમાં બીજા રૂમમાં જમવા બેઠા હતા. આ સાહેદના પુરાવા મુજબ તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ બનાવ બનેલો. સવારે તેઓ બધા કંપનીમાં કામ કરવા માટે સવારે આઠ વાગે ગયેલા. તેઓ બધા આઠ વાગે પાછા આવેલા. પછી તેઓએ ખાવાનુ બનાવેલું. પ્રકાશ, બનવારી, કિરોડી અને રવિ બેરવાએ પહેલા ખાવાનુ ખાઇ લીધેલું અને પહેલાવાળા રુમમાં તેઓ આરામ કરતા હતા. તેઓ અને રીન્કુ પાછળના રુમમાં ખાવાનુ ખાતા હતા. તે વખતે કિરોડી ચીલ્લાયેલો. તેઓ ખાવાનુ ખાઈને ઉઠેલા તો કિરોડીના છાતીની ડાબી બાજુ લોહી નીકળતુ હતું. કિરોડીએ કહેલુ કે રવિ ચાકુ મારીને ભાગી ગયેલો. પછી તેઓ, રીન્કુ, પ્રકાશ અને બનવારી કિરોડીને ઉચકીને ગલેન્ડા સ્ટેન્ડ પાસે લઈ ગયેલા. ત્યાંથી કોઇએ એમ્બ્યુલન્સ બોલાવેલી હતી જેમાં કિરોડીને વાગરા હોસ્પીટલમાં લઇ ગયેલ. વિશાલ તે વખતે કંપનીમાં હતો. બનવારીએ વિશાલને ફોન કરેલો અને પછી વિશાલ ગલેન્ડા સ્ટેન્ડ પાસે આવેલો. ત્યારબાદ તેઓ, બનવારી, પ્રકાશ, વિશાલ કિરોડીને એમ્બ્યુલન્સમાં બેસાડી વાગરા હોસ્પીટલમાં લઈ ગયેલા. તેઓ હોસ્પીટલમાં પહોચ્યા ત્યારે પોલીસ હોસ્પીટલ આવી ગયેલી. તેમણે હોસ્પીટલમાં પોલીસને

આ બનાવની ફરિયાદ આપેલી. રવિ કિરોડીને ચાકુ માર્યા પછી ભાગી ગયેલો. પછી તેઓ પોલીસ સ્ટેશને ગયેલા. જ્યાં બનાવ બનેલો ત્યાં પોલીસ આવેલી. તેમણે પોલીસને તે બનાવવાળી જગ્યા બતાવેલી. આ સાહેદની જુબાનીમાં ફરિયાદ આંક–પ૮ થી રજુ કરવામાં આવેલ છે.

૧૫.૧ આંક–પ૮ થી રજુ થયેલ ફરિયાદમાં જણાવેલ છે કે ''રવિ, કિરોડીલાલ, બનવારીલાલ તથા પ્રકાશ એ ચારે જણા જમીને રૂમમાં આરામ કરતા ત્યારે આશરે સાડા દસેક વાગ્યાના સમયે હુ તથા રીન્કુકુમાર જમતા હતા અને કિરોડીલાલ તેનો મોબાઇલ જોઈ રહયો હતો ત્યારે રવિ બૈરવાએ મોબાઇલ જોવા માંગતા કિરોડીલાલે મોબાઇલ આપેલો નહી જે બાબતે બંને વચ્ચે બોલાચાલી થતા રવિ બૈરવાએ શાકભાજી સુમારવાનું ચાકુ (ચપ્પુ) કિરોડીલાલને છાતીની ડાબી બાજુએ મારી દીધેલ અને કિરોડીલાલને લોહી નીકળવા લાગેલ જેથી અમો તાત્કાલીક કિરોડીલાલને હોસ્પીટલ લઈ જવા માટે રૂમેથી નીકળી ગલેન્ડા ગામના ગેટ પાસે ચાલતા ચાલતા લઈ જતા હતા તે દરમ્યાન આ રવિ બૈરવા નાસી ગયેલ હતો.'' જયારે ફરિયાદી કામકેશના આંક–પ૭ ના પુરાવામાં જણાવ્યા મુજબ તેઓ અને રીન્કુ પાછળના રુમમાં ખાવાનુ ખાતા હતા. તે વખતે કિરોડી ચીલ્લાયેલો. તેઓ ખાવાનુ ખાઈને ઉઠેલા તો કિરોડીના છાતીની ડાબી બાજુ લોહી નીકળતુ હતું. કિરોડીએ કહેલુ કે રવિ ચાકુ મારીને ભાગી ગયેલો. આમ, ફરિયાદીના આંક–પ૭ ના પુરાવાથી આરોપીએ કિરોડીલાલને ચપ્પુથી મારેલ તે બનાવ ફરિયાદીએ નજરે જોયેલ હોવાનું જણાતુ નથી. ઉલટ તપાસમાં કબુલેલ છે કે જે સમયે બનાવ બન્યો તે સમયે તેઓ અને રીન્કુ બનાવવાળા રૂમમાં ન હતા અને બનાવ તેમણે અને રીન્કુએ નજરે જોયેલો નહી. ઉલટ તપાસમાં કબુલેલ છે કે કિરોડીને ચાકુ વાગ્યા પછી તે તેમની પાસે આવેલો અને કીધેલુ કે રવિ ચાકુ મારીને ભાગી ગયો છે. ફરિયાદીએ બનાવ પહેલા આરોપીને મરણજનાર તેમજ સાહેદો જયપ્રકાશ અને બનવારીલાલ સાથે

બનાવવાળા રૂમમાં જોયેલ છે અને બનાવ બાદ ગુજરનારને ઈજાગ્રસ્ત હાલતમાં બનાવવાળા રૂમમાં જોયેલ છે અને તે વખતે કિરોડીલાલને ઈજાગ્રસ્ત હતા પરંતુ બેભાન ન હતા અને કિરોડીલાલે તેઓને આ ઈજા આરોપી રવિએ કરેલ હોવાનું જણાવેલ છે તેવો પુરાવો ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં ફરિયાદી રામકેશ મીના (આંક–૫૭) નાએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેઓ વચ્ચે સારી બનતી હતી. તેઓ સાતે જણાની વચ્ચે કોઇ પારિવારીક દુશ્મની ન હતી. એ હકીકત કબુલેલ છે કે બનાવ અગાઉ રવિ અને કિરોડીલાલ વચ્ચે કોઇ પણ પ્રકારનો કોઇ ઝઘડો, દુશ્મની કે તકરાર થયેલી હોય તેવું કંઇ બનેલ નથી. જેથી આરોપીને ગુન્હામાં ખોટી રીતે ફસાવવા માટેનું કોઇ કારણ નથી. આમ, ફરિયાદીના પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને નિ:શંક સમર્થન મળી રહે છે અને ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨૪ તરીકે રીન્કુકુમાર લોરેરાવ મીનાને આંક–૬૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ જે રુમમાં રહેતા હતા તેમાં બે રુમ, એક રસોડું અને પાછળ સંડાસ બાથરુમ હતુ. બનાવના દિવસે સવારે તેઓ બધા આઠ વાગે કંપની પર ગયેલા અને સાંજે સાત વાગે તેમના ઠેકેદાર કંપનીમાં રોકાયેલ અને તેઓ બધા કંપની પર આવી ગયેલા. રુમ પર આવીને બધાએ જમી લીધેલું. તેમણે અને રામકેશે જમેલુ નહી. તેમને રામકેશે જમવાનુ આપતા તેઓ જમવા બેસેલા હતા. તેઓ જમવા દરવાજાની સામે જ્યાંથી પ્રવેશ કરીએ ત્યાં બેસેલા હતા. ત્યારે કીરોડી તેમની પાસે આવેલ અને કહેલુ કે મને ચાકુ મારેલ છે. તેમને કીરોડીલાલે જણાવેલું કે મને રવિએ ચાકુ મારેલ છે. ત્યારબાદ તેઓ રવિ પાસે ગયેલા ત્યારે રવિ ચાકુ લઇને ત્યાં ઉભો હતો અને તેમણે તેને મારવાનુ કારણ પુછતા તે તેમને ચાકુ મારવા જતા તે ચાકુ રુમની બારીને અથડાઈને નીચે પડી ગયેલુ અને રવિ પછી ભાગી ગયેલો. તે

સમયે બનવારીએ વિશાલને ફોન કરીને બોલાવી લીધેલ અને વિશાલ આવી જતા તેઓ બધા કિરોડીલાલને હાથથી ઉચકીને ગલેન્ડા ચોકડી પર લઈ ગયેલા. ત્યાંથી ૧૦૮ માં કિરોડીલાલને હોસ્પીટલમાં લઈ ગયેલા.

૧૬.૧ આ સાહેદે ઉલટ તપાસમાં જણાવેલ છે કે તેઓ બધા વચ્ચે સારી બનતી હતી. એ હકીકત કબુલેલ છે કે રવિ અને કરોડી વચ્ચે કોઈ પણ પ્રકારની લડાઈ, ઝઘડો, દુશ્મની કે તકરાર ન હતી. એ હકીકત કબુલેલ છે કે તેઓ ખાવાનું ખાવા બીજા રૂમમાં બેસેલા હતા. એ હકીકત કબુલેલ છે કે એક રૂમમાંથી બીજા રૂમમાં જોઈ શકતા ન હતા. એ હકીકત કબુલેલ છે કે બનાવ બનતા તેમણે નજરે જોયેલ નથી.

૧૬.૨ સાહેદ નં. ૨૪ રીન્કુકુમારના પુરાવાથી આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી. પરંતુ આ સાહેદે બનાવ પહેલા આરોપીને મરણજનાર સાથે તેમજ સાહેદો જયપ્રકાશ અને બનવારીલાલને બનાવવાળા રૂમમાં જોયેલ છે અને તેઓ પણ આ મકાનમાં બીજા રૂમમાં જમવા બેસેલા હતા અને બનાવ બાદ ગુજરનારને ઈજાગ્રસ્ત હાલતમાં જોયેલ છે અને તે વખતે કિરોડીલાલ ઈજાગ્રસ્ત હતા પરંતુ બેભાન ન હતા અને તેઓએ આરોપી રવિએ આ ઈજા કરેલ હોવાનું જણાવેલ છે તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. આ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળે છે.

(૧૭) આ કામે સાહેદ નં. ૧૩ તરીકે વિશાલભાઈ અજેન્ટીલાલ મીનાને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે વર્ષ ૨૦૨૪ ના નવમાં મહીનામાં બનાવ બનેલો. રોજની જેમ તેઓ સવારે કામે જવા કામે નીકળેલા અને રીન્કુ મીના તેમની સાથે આવેલ નહી અને રુમ પર રોકાયેલ. બપોરે લંચમાં રવિકુમાર બેરવા અને રામકેશ મીના રુમ પર ગયેલા. સાંજે સાત વાગે બીજા લોકો કામ પુરુ થતા રુમ પર ગયેલા. સાંજે સાત વાગે તેઓ પણ રુમ પર ગયેલા. રુમ ઉપર સીલીન્ડર પુરો થઈ ગયેલો એટલે તેઓ રુમ પર ગયેલા અને ત્યારબાદ રાતે આઠ વાગે કંપનીમાં કામ

હતુ એટલે ગયેલા. તે વખતે કીરોડીલાલ મીના અને રવિકુમાર બેરવા અને બીજા તેમની સાથેના લોકો રુમમા હતા અને તેઓ એકલા કંપનીમાં ગયેલા. રાત્રે દસથી અગીયાર વાગ્યાની આસપાસ બનવરીલાલ મીનાનો તેમના પર ફોન આવેલો. બનવારીલાલે તેમને ફોન પર કહેલુ કે રવિકુમાર બેરવાએ કીરોડીલાલને છાતીમાં ડાબી બાજુમાં ચાકુ માર્યુ છે અને તેમને જલદી આવવા અને ગાડીની વ્યવસ્થા કરવા કહેલું. ત્યારબાદ તેઓ રુમ તરફ પાછા ગયા ત્યારે તેમને રસ્તામાં રીન્કુ મીના, રામકેશ મીના, બનવારીલાલ મીના કે જેઓ કીરોડીલાલને હાથથી ઉઠાવીને બસ સ્ટેન્ડ તરફ જતા હતા તેઓ તેમને મળેલા. વધુમાં જણાવેલ છે કે બનાવ બન્યાના એકથી દોઢ મહિના પછી પોલીસ તેમને વાગરા કોર્ટમાં લઇ ગયેલ અને જજ સાહેબે તેમને પુછેલુ. તેમણે જજ સાહેબને જે બનાવ બનેલો અને જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તેવી હકીકત જણાવેલી. આ સાહેદને બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષનું તા.૨૦.૧૧.૨૦૨૪ ના રોજનું નિવેદન બતાવવામાં આવતા તેમાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. આ સાહેદને જુબાની દરમ્યાન નિ.૧૧/૩ થી રજુ થયેલ (આંક–૮૮ વાળી) સી.ડી. સંભળાવવામાં આવતા તે સાંભળીને જણાવેલ છે કે તેમાં બનવારીલાલ તેમની સાથે મારવાડી ભાષામાં વાત કરે છે અને બનવારીલાલે તેમને જણાવેલ કે જલદી ગાડી લઇને આવો કેમ કે રવિએ કરોડીલાલને ચાકુ મારી દીધેલ છે અને તે મરી રહયો છે. આ સાહેદને મુદામાલ આર્ટીકલ નં. ૯ વાળો મોબાઇલ ફોન બતાવવામાં આવતા તે જોઇને જણાવેલ છે કે આ તેમનો ફોન છે જેના ઉપર બનવારીલાલનો ફોન આવેલો અને તેમના ફોનમાં ઓટો રેકોર્ડીંગ હતુ અને બધા ફોન રેકોર્ડ થતા હતા અને તેમને બીજી વાર નિવેદન લેવા બોલાવેલ ત્યારે તેમનો ફોન જમા લીધેલો.

૧૭.૧ આ સાહેદે ઉલટ તપાસમાં જણાવેલ છે કે પોલીસે તેમના કોઇ અવાજના નમુના લીધા નથી. એ હકીકત કબુલેલ છે કે રવિ અને

કરોડીલાલ વચ્ચે કયારે કોઈ અણબનાવ કે ઝઘડો થયેલો ન હતો. એ હકીકત કબુલેલ છે કે તેમણે બનાવ નજરે જોયેલ નથી. આ સાહેદના પુરાવાથી બનાવ નજરે જોનાર સાહેદ બનવારીલાલે બનાવ બાદ આ સાહેદ વિશાલભાઈને ફોન કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ ઉપરાંત આ સાહેદે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ તા.૨૦.૧૧.૨૦૨૪ ના રોજના નિવેદનમાં તેઓ બનાવ અંગે જે હકીકત જાણતા હતા તે હકીકત લખાવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ સાહેદ પણ ઈજા પામનાર કિરોડીલાલની સારવાર માટે અન્ય સાહેદો સાથે હોસ્પીટલે ગયેલા. આમ, આ સાહેદના પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે.

(૧૮) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૯ તરીકે રાકેશભાઈ બાબુલાલ મીનાને આંક–૩૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ બનાવ વખતે અમદાવાદ હતા. આ સાહેદને કિરોડીલાલ ગુજરી ગયાની જાણ થતા તેઓએ ભરૂચ આવી કિરોડીલાલને તપાસ કરેલી અને તેઓ દહેજ પોલીસ સ્ટેશને ગયેલા તેમજ હોસ્પીટલમાં જઈ કિરોડીલાલનું શબ તેઓ ભરૂચથી લઈ ગયેલા. આ સાહેદે ઉલટ તપાસમાાં કબુલેલ છે કે બનાવ તેમણે નજરે જોયેલ નથી તેથી તેમની કોઈ જાત માહિતી નથી.

(૧૯) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૦ તરીકે મનીષકુમાર ફલીરામ મીનાને આંક–૩૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ કિરોડીલાલ તેમના કાકાનો દિકરો છે. વર્ષ ૨૦૨૪ ની દિવાળીના એક મહિના પહેલા કિરોડીલાલ અને જયપ્રકાશ કામ કરવા માટે દહેજ ગયેલા. રાકેશભાઈએ તેમને ફોન કરીને જણાવેલ કે કિરોડીલાલ મરણ ગયેલ છે. તેઓ જયારે દહેજ પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે તેમને પોલીસે જણાવેલુ તેમજ કિરોડીલાલની સાથે રહેતા જયપ્રકાશ અને બનવારીએ જણાવેલ કે રવિએ કિરોડીલાલને મારેલ છે. તેમને જાણ થયેલ કે કિરોડીલાલના મૃત્યુ બાદ જયપ્રકાશ ગભરાયને જતો રહેલો. આ સાહેદે પણ ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમને બનાવની કોઈ

જાત માહિતી નથી.

(૨૦) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૧ તરીકે મંગળભાઇ ઓમપાલસિંહ ચૌહાણને આંક–૩૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૪ માં હિંમતનગરથી તેમના કોન્ટ્રાકટરના મોકલવાથી તેઓ દહેજ ગલેન્ડા ગામે કામ કરવા માટે ગયેલા. તેઓ ગલેન્ડા પાસે ગામ નજીક રૂમ બનેલા છે ત્યાં રહેતા હતા. તેઓ ત્યાં કંપનીમાં ઈરેકશનનું કામ કરતા હતા. તેમની સાથે હિંમતનગરથી મોહન, મોહિત, રાજન અને રોહિત હતા કે જેઓ કામ કરવા આવેલા. તેઓ બધા એક જ રૂમમાં સાથે રહેતા હતા. તેઓ જે રૂમમાં રહેતા હતા તેની બાજુમાં આઠ દસ રૂમો હતા. તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ તેઓ, મોહિત, મોહન અને રાજન તેમના રૂમના ધાબા પર હતા ત્યારે નીચેથી અવાજ આવેલ કે ચાકુ મારી દીધુ, ચાકુ મારી દીધુ. તેઓએ નીચે જઇને જોયુ તો જેને ચાકુ વાગેલુ હતુ તે તરફડતો હતો અને તેને છાતીની ડાબી બાજુએ ચાકુ વાગેલુ અને તેનુ નામ કરોડી હતુ. બધા વાતો કરતા હતા કે રવિએ ચાકુ માર્યુ, તેઓ જયાં કામ કરતા હતા ત્યાં રવિ પણ રહેતો હતો. જયારે કરોડીલાલને વાગેલુ તે જોયેલુ ત્યારે રવિને તેમણે તે જગ્યાએ જોયેલો નહી. આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમણે બનાવ નજરે જોયેલ નથી જેથી તેમને બનાવની કોઇ જાત માહિતી નથી.

(૨૧) ફરિયાદ પક્ષ્ તરફે સાહેદ નં. ૧૭ તરીકે શાહબાઝભાઇ અફરોઝભાઇ ખાનને આંક–પર થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ વર્ષ ૨૦૨૪ માં ગલેન્ડા મુકામે રહેતા હતા અને કંપનીમાં નોકરી કરતા હતા. તેઓ કિરોડીલાલ મીનાને જાણતા નથી. એકાદ વર્ષ પહેલા તેઓ જે કોલોનીમાં રહેતા હતા ત્યાં રાત્રે બે વાગે પોલીસ આવેલી અને તે સમયે પોલીસે રૂમ ખોલીને માણસોને ચેક કરેલા અને જતા રહેલા. બીજા દિવસે તેઓને પોલીસે બોલાવી નામ, સરનામા તેમજ બીજી મિા'તી લઇને જવા દીધેલા. એ હકીકત કબુલેલ છે કે પોલીસે માત્ર તેઓનું નામ સરનામુ પુછેલુ, બનાવ અંગે તેમને કોઇ

માહિતી નથી.

(૨૨) ફરિયાદ પક્ષ્ તરફે સાહેદ નં. ૧૮ તરીકે મેવાલાલ શિવનાથ યાદવને આંક–૫૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૪ માં તેઓ ગલેન્ડા ગામની નજીક આવેલ ટી.સી.એલ. કંપનીમાં નોકરી કરતા હતા અને ગ્રીનપાર્ક સોસાયટીમાં ત્રણ નંબરના મકાનમાં રહેતા હતા. તેમની સાથે સાત–આઠ માણસો હતા. બાજુના મકાનમાં તેમની કંપનીના માણસો રહેતા હતા. તેઓ તેમની નજીક રહેતા રાજસ્થાનના માણસોને ઓળખતા નથી. તેમને પોલીસ તરફથી જાણવા મળેલ કે ત્યાં કોઈની હાથાપાઈ થયેલી અને ત્યાં કોઈનું મૃત્યુ થયેલ. કોનુ મૃત્યુ થયેલ તેની ખબર નથી. તેઓ બનાવ વિશે બીજુ કંઈ જાણતા નથી. ઉલટ તપાસમાં કબુલેલ છે કે બનાવની માહિતી તેમને પોલીસે આપેલી.

(૨૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૯ તરીકે મુનીરામ રામગોપાલ મીનાને આંક–૫૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ કિરોડીલાલ તેમના મોટા પપ્પાનો દિકરો થતો હતો અને જયપ્રકાશ મીના તેમના કુટુંબી થાય છે જેઓ ગુજરાત કામ કરવા આવેલા. બનાવ બન્યો ત્યારે કોઈકનો તેમના ગામમાં ફોન આવેલો કે કિરોડીલાલ મરણ ગયેલ છે. તેમના પરિવારના સગા અમદાવાદ મુકામે રહે છે તેઓ અમદાવાદથી ગાડી લઈ ગલેન્ડા આવેલા તે લોકો કિરોડીલાલની ડેડ બોડી લઈ પી.એમ. કરાવી તેમના ગામે લાવેલા અને તેમણે જાણેલુ કે રવિકુમાર બેરવાએ કિરોડીલાલને મારેલ છે. તેઓ તેને જાણતા કે ઓળખતા નથી. ઉલટ તપાસમાં કબુલેલ છે કે રવિએ કિરોડીલાલને મારેલુ તેની જાત માહિતી નથી. તેમણે પોલીસને એવું જણાવેલ નથી કે જયપ્રકાશ મીના ભરૂચ સીવીલ હોસ્પીટલમાંથી ભાગી ગયેલ. કિરોડીલાલના અંતિમ સંસ્કાર વખતે જયપ્રકાશ ત્યાં હાજર ન હતો અને તે એકાદ મહિના પછી ગામમાં આવેલો.

(૨૪) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે પ્રશાંતભાઈ જગદીશભાઈ સોલંકીને આંક–૧૨ થી તેમજ સાહેદ નં. ૨ તરીકે જીતેશભાઈ

વિનોદભાઇ સોલંકીને આંક–૧૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદો ઇન્કવેસ્ટ પંચનામાના પંચો છે. આ સાહેદોના પુરાવા મુજબ તેઓ જયારે સીવીલ હોસ્પીટલમાં કામ કરતા હતા ત્યારે દહેજ પોલીસે તેઓને બોલાવેલ. કોઇ પી.એમ. કરવાનુ હતુ તેમાં પંચ તરીકે રહેવા તેઓને પોલીસે સહી કરવાનું જણાવેલુ. જો કે આ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં તેમની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકતો નકારેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ પોતાના પુરાવામાં આંક–૧૩ થી રજુ થયેલ ઇન્કવેસ્ટ પંચનામુ પુરવાર કરેલ છે.

(૨૫) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ તરીકે શૈલેષભાઇ રમેશભાઇ રાઠોડને આંક–૧૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ આંક–૧૬ થી રજુ થયેલ ગુજરનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ છે. આ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં તેમની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકતો નકારેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ પોતાના પુરાવામાં આંક–૧૬ થી રજુ થયેલ ગુજરનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ પુરવાર કરેલ છે.

(૨૬) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે જયંતીભાઇ છગનભાઇ રાઠોડને આંક–૧૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ આંક–૧૯ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ છે. આ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં તેમની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકતો નકારેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ પોતાના પુરાવામાં આંક–૧૯ થી રજુ થયેલ ગુજરનારે બનાવવાળી જગ્યાનું પંચનામુ પુરવાર કરેલ છે. આ ઉપરાંત બનાવવાળી જગ્યાના પંચનામાના બીજા પંચ ઇમરાનભાઇ

અબ્દુલભાઇ રાજને સાહેદ નં. ૫ તરીકે આંક–૨૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ આશરે એક વર્ષ પહેલા જયંતીભાઇ રાઠોડનો તેમની ઉપર ફોન આવેલો અને પંચમાં સહી કરવાનું કહેતા તેઓ ગ્રીનપાર્ક સોસાયટીમાં જયાં બનાવ બનેલો ત્યાં ગયેલા. તેમને પંચનામુ કરતા પહેલા ગામમાંથી ખબર પડેલ કે બનાવવાળી જગ્યાએ રહેતા બે ભૈયાઓને અંદરો અંદર ઝઘડો થતા એક જણાએ બીજાને ચપ્પુ મારીને મારી નાંખેલ છે. તેઓ ગ્રીનપાર્ક સોસાયટી પાસે ગયેલા ત્યારે બપોરના એકાદ વાગ્યો હશે તે સમયે દહેજ પોલીસના માણસો હાજર હતા અને તેઓએ તેમની હાજરીમાં ચપ્પુ, ચટાઇ અને રૂ બનાવવાળા મકાનમાંથી કબજે કરેલ. આ મકાન પ્રકાશભાઇનું છે. જે મુદ્દામાલ કાગળમાં વિટીં કબજે કરેલ. પંચો તેમજ પોલીસના માણસો બનાવવાળા મકાનમાં ગયેલા. સદર મકાન બે રૂમ રસોડાવાળુ ભોયતળીયાવાળુ હતુ. મકાનમાં અંદર પ્રવેશતા પ્રથમ હોલ આવે છે. હોલમાં ફકત ચટાઇ હતી. સદર મકાન પુર્વ પશ્રિમનું હતુ. સદર બનાવ હોલમાં બનેલો. આ સાહેદે મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે ચપ્પુ, રૂ અને ચટાઇ ઉપર કોઇ માર્ક નથી. આ સાહેદનો પુરાવો તા.૧૮.૧૧.૨૦૨૫ ના રોજ લેવામાં આવેલ છે, જયારે બનાવ તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ બનેલ છે જેથી એક વર્ષ પછી ચપ્પુ, રૂ અને ચટાઇ ઉપર કોઇ માર્ક દેખાતા ન હોવાથી બનાવ સમયે પણ આ વસ્તુઓ ઉપર કોઈ માર્ક ન હતા તેમ કહી શકાય નહી. આ કામે આંક–૧૯ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાનું પંચનામુ જોતાં બનાવવાળી જગ્યા ગ્રીનપાર્ક સોસાછટીના મકાન નં. ૮ માં આવેલ છે. આ મકાન બે રૂમ રસોડાનું જણાય છે. મકાનમાં પ્રવેશતા પ્રથમ રૂમમાં ફુલોડીની ડિઝાઇનવાળી ચટ્ટાઇ હતી અને આ ચટ્ટાઇ ઉપર છુટા છવાલા લોહીના સુકાઇ ગયેલા ડાઘા જણાતા તે કબજે કરવામાં આવેલ હોવાનું, ટાઇલ્સ પર લોહી જેવા ડાઘા હતા તે ડાઘા પર કોટન થ્રેડ ઘસીને કબજે લેવામાં આવેલ હોવાનું તેમજ ત્યાંથી કંટ્રોલ સેમ્પલ લેવામાં આવેલ હોવાનું તેમજ

મકાનની બહાર નીકળતા પગથીયાવાળી જગ્યાએ સાતેક ફુટના અંતરે ભોયતળીયે એક ચપ્પુ પડેલ હોવાથી અને તેની અણીના ભાગે લાલ સુકાયેલા ડાઘા જણાતા તે કબજે કરવામાં આવેલ હોવાનું જણાય છે. આ ઉપરાંત તે સમયે સાયન્ટીફીક ઓફિસર હાજર હોવાનું તેઓની સુચના મુજબ ચીજ–વસ્તુઓ કબજે કરવામાં આવેલ હોવાનું જણાય છે. આ કામે આંક–૮૪ થી રજુ થયેલ એફ.એસ.એલ.નો રીપોર્ટ જોતાં ગુજરનાર અને આરોપી બંનેનું લોહીનું જુથ 'ઓ' હોવાનું જણાય છે. આ ઉપરાંત બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલ ચટ્ટાઇ અને કોટન થ્રેડ તેમજ ચપ્પુ ઉપર 'ઓ' જુથના લોહીની હાજરી મળી આવેલ હોવાનું જણાય છે. આ કામના આરોપીને બનાવમાં કોઇ ઈજા થયેલ હોય તેવો ફરિયાદ પક્ષનો કેસ નથી તેમજ આરોપી તરફે પણ તેઓને કોઇ ઈજા થયેલ હોય તેવો બચાવ લેવામાં આવેલ નથી. જેથી ચટ્ટાઇ ઉપર તેમજ ચપ્પુ ઉપર અને ટાઇલ્સ પરથી લીધેલ કોટન થ્રેડ ઉપર 'ઓ' જુથનું લોહી મળી આવેલ છે તે ગુજરનારનું 'ઓ' જુથનું લોહી હોવાનું માનવાને કારણ રહે છે.

(૨૭) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૫ તરીકે વિનોદભાઇ વિરજીભાઇ ઠાકોરને આંક–૪૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ આંક–૪૪ થી કોલ રેકોર્ડીંગ થયેલ મોબાઇલ કબજે કર્યાના પંચનામાના તેમજ આંક–૪૬ થી રજુ થયેલ આરોપીની શરીરસ્થિતિ અને આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ છે. આ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં તેમની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકતો નકારેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ પોતાના પુરાવામાં આંક–૪૪ અને આંક–૪૬ થી રજુ થયેલ પંચનામા પુરવાર કરેલ છે. આંક–૪૬ ના પંચના મુજબ આરોપીએ બનાવ વખતે પહેરેલ ટી–શર્ટ અને કાળા કલરનું પેન્ટ કબજે કરેલ હોવાનું જણાય છે. આ કામે આંક–૮૪ થી રજુ થયેલ એફ.એસ.એલ.નો રીપોર્ટ જોતાં

ગુજરનાર અને આરોપી બંનેનું લોહીનું જુથ 'ઓ' હોવાનું જણાય છે. પરંતુ આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા ઉપર રૂધિરની હાજરી મળી આવેલ હોવાનું જણાતુ નથી. આરોપીના કપડા ઉપરથી લોહીની હાજરી મળી નહી આવવા માત્રથી આરોપી ગુન્હામાં સંડોવાયેલા નથી તેવું કહી શકાય નહી.

(૨૮) આ કામે સાહેદ નં. ૧૬ તરીકે ઓમકારસિંહ મહેન્દ્રસિંહ રાણાને આંક-૪૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૪ માં વાગરા તાલુકા પંચાયતમાં વિસ્તરણ અધીકારીનો ચાર્જ તેમની પાસે હતો અને તેઓ તે વખતે લખીગામ, તાલુકો વાગરાના તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે દહેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. તરફથી તાલુકા પંચાયતમાં ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા બાબતની યાદી તા. ૧૦.૧૧.૨૦૨૪ ના રોજ મળતા તેઓ તા.૧૮.૧૧.૨૦૨૪ ના રોજ દહેજ પોલીસ સાથે ગુન્હાવાળી જગ્ય ગ્રીનપાર્ક સોસાયટીના આઠ નંબરના મકાનમાં ગયેલા અને ત્યાં પહેલા એક રુમ હતો અને પછી બીજો રુમ હતો તેના પછી રસોડું અને પાછળ બાલ્કની હતી અને ગુન્હાવાળી જગ્યા પોલીસે બતાવેલી અને તે પ્રમાણે તેમણે ગુન્હાવાળી જગ્યાનો નકશો કરેલો. આરોપી તરફે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ આ સાહેદે સ્થળ ઉપર નકશો બનાવેલ નહી કે ખોટો નકશો તૈયાર કરેલ છે તે અંગેની કોઇ તકરાર લેવામાં આવેલ હોવાનું જણાતુ નથી.

(૨૯) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૦ તરીકે રમેશભાઇ હરીસિંહ રાજપુરોહિતને આંક-૫૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ ત્રણ વર્ષથી દહેજ ચોકડી ઉપર મોબાઇલની દુકાન ચલાવે છે. દુકાનના માલિક તેમના બનેવી મોહનસિંહ છે. તેઓને બાર તેર મહિના પહેલા દહેજ પોલીસ સ્ટેશને બોલાવેલ અને ત્યાં સેમસંગનો એસ ૨૪ અલ્ટ્રા મોબાઇલમાંથી રેકોર્ડીંગ સંભળાવેલુ. જે રેકોર્ડીંગ મારવાડી ભાષામાં હતુ. તેમણે સદર રેકોર્ડીંગ સાંભળીને એક

એક લાઇનનું ભાષાંતર કરેલુ. તેઓ ભાષાંતર બોલતા હતા અને પોલીસ તે લખતી હતી. વધુમાં આ ઓડીયો ફાઇલ સંભળાવતા તે સાંભળીને જણાવેલ છે કે રવિએ કિરોડીને ચાકુ મારેલુ છે તો તુ ગાડી લઇને આવી જા, નહી તો લેવા દેવાનું થઇ જશે. બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કબુલેલ છે કે ઓડીયોમાં કોઇએ મુકકો મારેલ હોય તેવો કોઇ સંભળાતો નથી તેમજ પોલીસને અનુવાદ કરેલ તેમાં પણ મુકકો મારેલ હોય તેવું જણાવેલ નથી. એ હકીકત કબુલેલ છે કે તેમણે સેમસંગના એસ.ર૪ અલ્ટ્રાવાળા મોબાઇલ ફોનમાંથી રેકોર્ડીંગ સાંભળેલુ અને તે ફોન પોલીસવાળાનો હતો. કોર્ટમાં તેમને જે ફોનમાં રેકોર્ડીંગ સંભળાવેલ છે તે વિવો કંપનીનો ફોન છે જે અગાઉ તેમણે કયાંય જોયેલ નથી. ઓડીયો રેકોર્ડીંગ કેટલા સમયનું હતુ અને કેટલા અવાજો હતા તે કહી શકે નહી. આ ઓડીયો કઇ તારીખે સાંભળેલ તે યાદ નથી. આ સાહેદના પુરાવાથી પોલીસે આ સાહેદ પાસે મોબાઇલ ફોનમાંની મારવાડી ભાષામાં થયેલ વાતચીત સંભળાવેલ હોવાનું અને ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવેલ હોવાનું જણાય છે. આ કામે મુદ્દામાલમાં ૧૬ જી.બી.ની પેઇન ડ્રાઇવ રજુ કરવામાં આવેલ છે તેમજ તેમાંથી બનાવેલ સીડી આંક-૧૧ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ છે. જેને આંક-૮૮ આપવામાં આવેલ છે. જે સીડીની ઓડીયો ફાઇલ ઓપન કરીને જુબાની દરમ્યાન સાહેદો જયપ્રકાશ (આંક-૩૧), સાહેદ વિશાલ (આંક-૪૧), બનવારીલાલ (આંક-૪ર), ફરિયાદી રામકેશને સંભળાવવામાં આવેલ છે અને તે સાંભળીને સાહેદોએ જણાવેલ છે કે બનવારીએ વિશાલને ફોન કરીને જણાવેલ કે રવિએ કિરોડીને ચાકુ મારેલ છે અને લેવાના દેવા થઇ જશે તુ જલ્દીથી ગાડી લઇને આવી જા. વધુમાં સાહેદ વિશાલના પુરાવામાં તેઓના ફોનમાં ઓટોમેટીક રેકોર્ડીંગ થતુ હતુ. જે ફોન આ કામે મુ.આ.નં.૯ થી રજુ થયેલ છે, જે પ્રાથમિક પુરાવો છે અને તેમાં રહેલ રેકોર્ડીંગ પણ આ અદાલતે સાંભળેલ છે. જેમાં સાહેદ બનવારીલાલ અને વિશાલભાઇ વચ્ચેની વાતચીત જણાય છે અને તેમાં સાહેદ બનવારીલાલે

વિશાલને સ્પષ્ટપણે જણાવેલ છે કે ''તુ જલ્દી ગાડી લઇને આવો કેમ કે રવિએ કરોડીલાલને ચાકુ મારી દીધેલ છે અને તે મરી રહયો છે.'' આમ, આ પ્રાથમિક પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને સંપુર્ણ સમર્થન મળે છે.

(૩૦) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૧ તરીકે યતીનકુમાર કનુભાઇ પ્રણામીને આંક–પ૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઇમરજન્સી મેડીકલ ટેકનીશીયન તરીકે નોકરી કરતા હોઇ એમ્બ્યુલન્સમાં કોઇ દર્દીને લઇ જવામાં આવે તો તેની પ્રાથમીક સારવાર કરવાની હોય છે. તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ તેઓ અને તેમની સાથેના ડ્રાયવર હિતેશભાઇ ગલેન્ડા ગામમાં રાત્રે પહોંચેલા. તેમને ગલેન્ડા ગામ જવા માટેનો મેસેજ રાત્રે ૧૧.૧૮ કલાકે મળેલો. ગલેન્ડા ગામના બાંકડા ઉપર પેશન્ટ હતુ અને તેની સાથે ઘણા બધા લોકો હતા. પેશન્ટને લઇને સી.એચ.સી. વાગરા લઇ ગયેલા. વાગરા સી.એચ.સી.ના ડોકટરે ભરૂચ સીવીલ હોસ્પીટલમાં રીફર કરેલા અને તેની વર્ધી પણ તેમને જ મળેલી. જેથી તેઓ પેશન્ટને ભરૂચ હોસ્પીટલ લઇ ગયેલા. દર્દીનું નામ કિરોડીરામ હતુ. દર્દીને છાતીના ભાગે ઇજા થયેલી હતી. આ સાહેદના પુરાવાથી તેઓ ગલેન્ડા ગામેથી છાતીના ભાગે ઇજા થયેલ દર્દીને તેમની એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઇ ગયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આરોપી તરફે રજુઆત છે કે આ સાહેદને મેસેજ રાત્રે ૧૧.૧૮ વાગે મળેલ છે, જયારે ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવ સાડા દસ વાગે બનેલ છે જેથી આ સમય દરમ્યાન ફરિયાદ પક્ષ તરફથી ખોટી હકીકતો ઉભી કરવામાં આવેલ હોવાનું જણાય છે. પરંતુ આરોપી તરફેની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે આ સાહેદને મેસેજ આ કામના ફરિયાદી કે સાહેદો ધ્વારા મળેલો કે તેમની કચેરી તરફથી મળેલો તેવું આ સાહેદે જણાવેલ નથી. વધુમાં આ સાહેદને કલાક ૧૧.૧૮ વાગે મેસેજ મળેલો તેનો કોઇ લેખિત આધાર આ કામે રજુ થયેલ નથી. વધુમાં હાલના બનાવના લાંબા સમય પછી આ

સાહેદે જુબાની આપેલ છે અને ત્યારપછી આ સાહેદે ઘણી વખત ઇમરજન્સી મેડીકલ ટેકનીશીયન તરીકે ફરજ બજાવી હશે જેથી આ સાહેદના પુરાવામાં સમય અંગે વિરોધાભાસ આવેલ છે તે વિરોધાભાસ ક્ષુલ્લક અને સહજ છે અને તેને ફરિયાદ પક્ષના કેસને ઘાતક હોવાનું કહી શકાય નહી.

(૩૧) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૨૩ તરીકે પી.એસ.ઓ. વિનુભાઇ સોમાભાઇ મિસ્ત્રીને આંક–૫૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૩૦.૧૦.૨૦૨૪ ના રોજ તેઓ દહેજ પોલીસ સ્ટેશને પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા તે સમયે ફરિયાદીની પી.આઇ.શ્રી એચ.બી.ઝાલા રૂબરૂની ફરિયાદ ગુન્હો રજીસ્ટર્ડ થવા તેમની પાસે મોકલી આપતા તેમણે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી અને આગળની તપાસ પી.આઇ.શ્રી ઝાલાને સુપ્રરત કરેલી. આ સાહેદના પુરાવાથી તેઓએ ફરિયાદ આધારે ગુન્હો દાખલ કરી આગળની તપાસ પી.આઇ.શ્રી ઝાલાને સોંપેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૩૨) ફરિયાદ પક્ષ તરફે તપાસ કરનાર અધિકારી હિતેશસિંહ ભગવતસિંહ ઝાલાને આંક–૬૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં તેઓએ જે તપાસ કરેલી તેનું વિગતવાર વર્ણન કરેલ છે. આ સાહેદની બચાવ પક્ષ તરફે વિસ્તૃત ઉપર તપાસ કરવામાં આવેલ છે. બચાવ પક્ષ તરફે આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ હકીકતો તરફ ધ્યાન દોરી રજુઆત કરેલ છે કે આરોપી કઇ જગ્યાએથી નાસી ગયેલો તે અંગે વિરોધાભાસી હકીકતો સાહેદોના પુરાવામાં રજુ થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ ઉલટ તપાસમાં જણાવેલ છે કે તે લોકો કિરોડીલાલને લઇ જતા હતા તે દરમ્યાન રવિ બૈરવા નાસી ગયેલો. એ હકીકત કબુલેલ છે કે રીન્કુના નિવેદનમાં ફરિયાદી અને સાહેદો કિરોડીલાલને ચાલતા ચાલતા લઇ જતા હતા તે દરમ્યાન તે વખતે વિશલ આવી ગયેલો તે દરમ્યાન રવિ ભાગી ગયેલો. આ સંદર્ભે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતાં બનાવ નજરે જોનાર બંને સાહેદો તેમજ

મકાનમાં હાજર બીજા સાહેદો તેમજ સાહેદ વિશાલભાઇનો પુરાવો જોતાં બનાવ પછી આરોપી ચોકકસ કઇ જગ્યાએથી નાસી ગયેલો તે અંગે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ આ વિરોધાભાસ મહત્વનો અને ફરિયાદ પક્ષના કેસને ઘાતકરૂપ નથી. કારણ કે આરોપી રવિકુમારે બનાવવાળા મકાનમાં આગળના રૂમમાં સાહેદો બનવારીલાલ અને જયપ્રકાશ મીનાની હાજરીમાં ગુજરનાર કિરોડીલાલને ચપ્પુ વડે ડાબી છાતીના ભાગે ઈજા કરેલ હોવા બાબતે લેશમાત્ર વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં બનાવ બન્યાના એક વર્ષ પછી સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે. આમ, જયારે બનાવના લાંબા સમય પછી સાહેદોનો પુરાવો નોંધવામાં આવતો હોય ત્યારે સાહેદો બનાવની શબ્દસહ: હકીકતો જણાવી શકે નહી અને સામાન્ય વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે સ્વાભાવીક છે. આ કામે બચાવ પક્ષ તરફે બનાવ વખતે આરોપી સ્થળ ઉપર હાજર જ ન હતા તેવો કોઇ બચાવ લેવામાં આવેલ નથી. આ ઉપરાંત બનાવ પહેલા આરોપી અને ગુજરનાર વચ્ચે મોબાઇલ બાબતે ઝઘડો થયેલો. આરોપીએ ગુજરનાર પાસે મોબાઇલ માંગતા ગુજરનારે મોબાઇલ ન આપતા તે કારણસર બનાવ બનેલ હોવા બાબતે પણ કોઇ વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ નથી.

(૩૩) બચાવ પક્ષ તરફે એવી રજુઆત છે કે ફરિયાદમાં તેમજ સાહેદોના નિવેદનમાં મોબાઇલ ફોનની બેટરી ઓછી થતી હતી તેવી કોઇ હકીકત નથી. જયારે સાહેદ નં. ૧૪ બનવારીલાલ મીનાએ પોતાના પુરાવામાં કિરોડીના મોબાઇલની બેટરી ઓછી થતી હતી એટલે રવિને મોબાઇલ આપેલો નહી તેવી વધારાની હકીકત જણાવેલ છે. આ કામનો બનાવ ગુજરનારે આરોપીને મોબાઇલ ફોન આપેલો નહી તેના લીધે બનેલ છે. કયા કારણસર મોબાઇલ આપેલો નહી તે કારણે બનાવ બનેલ નથી. જેથી આવી વધારાની હકીકતથી ફરિયાદ પક્ષનો કેસ ઘાતક બની જતો નથી.

(૩૪) બચાવ પક્ષ તરફે એવી રજુઆત છે કે બનાવ પહેલાથી આરોપી પાસે

ચપ્પુ ન હતુ અને આરોપી ચપ્પુ લેવા કોઈ જગ્યાએ ગયેલ નહી તેમજ ચપ્પુ ઉપર આરોપીના હાથના આંગળના નિશાન હતા કે નહિ તે બાબતે તપાસ કરાવેલ નથી તેમજ ચપ્પુ ઉપર કોઈ ઓળખના નિશાન નથી. જેથી આરોપી પાસે બનાવ વખતે ચપ્પુ હોય તે હકીકત માની શકાય તેમ નથી. આ સંદર્ભે જોવામાં આવે તો નજરે જોનાર સાહેદોએ બનાવ વખતે આરોપીએ ગુજરનારને જે ચપ્પુ વડે ઈજા કરેલી તે ચપ્પુ જોયેલ અને સાહેદોને પુરાવા દરમ્યાન ચપ્પુ બતાવવામાં આવતા તેઓએ સ્પષ્ટ પુરાવો આપેલ છે કે આ ચપ્પુ વડે આરોપીએ ગુજરનારને ડાબી છાતીના ભાગે ઈજા કરેલી. જેથી બચાવ પક્ષની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી.

(૩૫) ફરિયાદ પક્ષ તરફે રજુઆત છે કે ઈજા પામેલ હાલતમાં કિરોડીલાલને ઉંચકીને લઈ જનાર સાહેદોના કપડા તપાસ દરમ્યાન કબજે લીધેલ નથી. સામાન્ય રીતે ઈજા પામનાર વ્યકિતના શરીરમાંથી ખુબજ પ્રમાણમાં લોહી વહી ગયેલ હોય તો તેને ઉંચકીને લઈ જનાર વ્યકિતના કપડા પણ લોહીવાળા થતા હોય છે, પરંતુ તે કપડા પોલીસ ધ્વારા કબજે નથી કર્યા તેટલા માત્રથી ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ છે તેમ કહી શકાય નહી. પોલીસ તપાસની બેદરકારીનો લાભ આરોપીને મળવાપાત્ર નથી.

(૩૬) બચાવ પક્ષ તરફે રજુઆત છે કે મેડીકલ ઓફિસરશ્રીએ ઉલટ તપાસમાં કબુલેલ હકીકત મુજબ જીવીત વ્યકિતના ૠદયના ભાગમાં ઈજા થવાથી લોહીની પીચકારી નીકળવાની શકયતા છે. તેમ છતાં આ કામે આરોપીના કપડા ઉપરથી ૠધિરની હાજરી મળી આવેલ નથી જેથી આરોપીએ ઈજા પામનારને ઈજા કરેલ હોવાનું માની શકાય નહી. આંક–૮૪ થી રજુ થયેલ એફ.એસ.એલ. રીપોર્ટ જોતાં આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા ઉપર લોહીની હાજરી મળી આવેલ હોવાનું જણાતુ નથી. આ કામનો બનાવ બનતા બે સાહેદોએ નજરે જોયેલ છે અને તેઓએ કોર્ટ સમક્ષ તેઓની હાજરીમાં આરોપીએ ગુજરનારને ચપ્પુ વડે છાતીની ડાબી બાજુએ ઈજા કરેલ હોવાનો

સ્પષ્ટ પુરાવો આપેલ છે અને ઉલટ તપાસમાં પણ આ પુરાવામાં શંકા ઉપસ્થિત થાય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારે આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા ઉપરથી લોહીની હાજરી મળી ન આવવા માત્રથી આરોપીએ ગુજરનારને ઈજા કરેલ નહી તેવું કહી શકાય નહી.

(૩૭) બચાવ પક્ષ તરફે રજુઆત છે કે આંક–૧૩ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં શબ પર કોઈ ટાંકા લેવામાં આવેલ હોય તેવો ઉલ્લેખ નથી. જયારે પી.એમ.રીપોર્ટમાં ગુજરનારના શરીર ઉપર બે ટાંકા લેવામાં આવેલા તેવો કોલમ નં.૧૭ માં ઉલ્લેખ છે. વધુમાં ઈન્કવેસ્ટ પંચનામામાં એક ઈંચ ઘાનો ઉલ્લેખ છે અને પી.એમ.રીપોર્ટમાં ૨.૭૫ ઈંચ ઘાનો માપ દર્શાવેલ છે. જેથી ઈન્કવેસ્ટ પંચનામુ અને પી.એમ.રીપોર્ટમાં ઈજાઓ અંગે વિરોધાભાસ જણાય છે. પરંતુ આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી કારણ કે આંક–૧૩ ના ઈન્કવેસ્ટ પંચનામામાં લાશની છાતીના ડાબી બાજુએ એક ઇચં જેટલા ઘાનું નિશાન છે તેવી હકીકત જણાવેલ છે, ટાંકા લીધેલ હોવાની હકીકત જણાવેલ નથી. ઈન્કવેસ્ટ પંચનામાના પંચો તબીબી નિષ્ણાંત નથી, જયારે પોસ્ટ મોર્ટમ કરનાર મેડીકલ ઓફિસર તબીબી નિષ્ણાંત છે અને તેઓની ઉલટ તપાસ કરતા તેમણે એ હકીકત નકારેલ છે કે બંને ઈજાઓમાં ફરક છે. મૃત્યુનું કારણ જોવામાં આવે તો ફેફસા અને ૠદયમાં વાગવાથી લોહી વહી જવાના કારણે થયેલ છે. રેકર્ડ ઉપર ગુજરનારને છાતીની ડાબી બાજુએ ચપ્પુના ઘાથી ઈજા થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે અને તે અંગે લેશમાત્ર વિરોધાભાસ નથી અને આ ઈજાના કારણે લોહી વહી જવાના કારણે મૃત્યુ નિપજેલ છે તે હકીકત પણ બીનપડકારાયેલ છે તેવા સંજોગોમાં ગુજરનારના છાતીના ભાગે એક ઈંચનો ઘા હતો કે ૨.૭૫ ઈંચનો ઘા હતો તે હકીકત તેમજ ઈન્કવેસ્ટ પંચનામામાં ટાંકા લીધેલ હોવાનો ઉલ્લેખ નથી તે હકીકત મહત્વની રહેતી નથી. આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો ૨૦૨૨(૧૮) એસસીસી ૬૮૩ – પૃથ્વીરાજ જયંતીભાઇ વાણોલ

વિરૂધ્ધ દિનેશ ડાહ્યાભાઇ વાળાનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદાના ફકરા નં. ૧૭ માં ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે "17. Ocular evidence is considered the best evidence unless there are reasons to doubt it. The evidence of PW2 and PW10 is unimpeachable. It is only in a case where there is a gross contradiction between medical evidence and oral evidence, and the medical evidence makes the ocular testimony improbable and rules out all possibility of ocular evidence being true, the ocular evidence may be disbelieved. In the present case, we find no inconsistency between the ocular and medical evidence. The High Court grossly erred in appreciation of evidence by holding that muddamal no.5 was a simple iron rod without noticing the evidence that it had a sharp turn edge." વધુમાં આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો ૨૦૧૦(૧૦) એસસીસી ૨૫૯ – અબ્દુલ સઇદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદાના ફકરા નં. ૩૦ થી ૩૬ માં ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

"30. In Ram Narain Singh v. State of Punjab, AIR 1975 SC 1727, this Court held that where the evidence of the witnesses for the prosecution is totally inconsistent with the medical evidence or the evidence of the ballistics expert, it amounts to a fundamental defect in the prosecution's case and unless reasonably explained it is sufficient to discredit the entire case.

31. In State of Haryana v. Bhagirath & Ors., (1999) 5 SCC 96, it was held as follows:-

"The opinion given by a medical witness need not be the last word

on the subject. Such an opinion shall be tested by the court. If the opinion is bereft of logic or objectivity, the court is not obliged to go by that opinion. After all opinion is what is formed in the mind of a person regarding a fact situation. If one doctor forms one opinion and another doctor forms a different opinion on the same facts it is open to the Judge to adopt the view which is more objective or probable. Similarly if the opinion given by one doctor is not consistent with probability the court has no liability to go by that opinion merely because it is said by the doctor. Of course, due weight must be given to opinions given by persons who are experts in the particular subject."

[Emphasis added]

32. Drawing on Bhagirath's case (supra.), this Court has held that where the medical evidence is at variance with ocular evidence, it has to be noted that it would be erroneous to accord undue primacy to the hypothetical answers of medical witnesses to exclude the eyewitnesses' account which had to be tested independently and not treated as the "variable" keeping the medical evidence as the "constant". Where the eyewitnesses' account is found credible and trustworthy, a medical opinion pointing to alternative possibilities can not be accepted as conclusive. The eyewitnesses' account requires a careful independent assessment and evaluation for its credibility, which should not be adversely prejudged on the basis of any other evidence, including medical evidence, as the sole touchstone for the test of such credibility. The evidence must be tested for its inherent consistency and the inherent probability of the story; consistency with the account of other witnesses held to be creditworthy; consistency with the undisputed facts, the "credit" of the witnesses; their performance in the witness box; their power of observation etc. Then the probative value of such evidence becomes eligible to be put into the scales for a cumulative evaluation. (Vide Thaman Kumar v. State of Union Territory of Chandigarh, (2003) 6 SCC 380; and Krishnan v. State, (2003) 7 SCC 56).

33. In Solanki Chimanbhai Ukabhai v. State of Gujarat, AIR 1983 SC 484, this Court observed, "Ordinarily, the value of medical evidence is only corroborative. It proves that the injuries could have been caused in the manner alleged and nothing more. The use which the defence can make of the medical evidence is to prove that the injuries could not possibly have been caused in the manner alleged and thereby discredit the eye-witnesses. Unless, however the medical evidence in its turn goes so far that it completely rules out all possibilities whatsoever of injuries taking place in the manner alleged by eyewitnesses, the testimony of the eye-witnesses cannot be thrown out on the ground of alleged inconsistency between it and the medical evidence." [Emphasis added]

34. A similar view has been taken in Mani Ram & Ors. v. State of U.P., 1994 Supp (2) SCC 289; Khambam Raja Reddy & Anr. v. Public Prosecutor, High Court of A.P., (2006) 11 SCC 239; and State of U.P. v. Dinesh, (2009) 11 SCC 566.

35. In State of U.P. v. Hari Chand, (2009) 13 SCC 542, this Court re- iterated the aforementioned position of law and stated that, "In any event unless the oral evidence is totally irreconcilable with the medical evidence, it has primacy."

36. Thus, the position of law in cases where there is a contradiction between medical evidence and ocular evidence can be crystallised to the effect that though the ocular testimony of a witness has greater evidentiary value vis-`-vis medical evidence, when medical evidence makes the ocular testimony improbable, that becomes a relevant factor in the process of the evaluation of evidence. However, where the medical evidence goes so far that it completely rules out all possibility of the ocular evidence

being true, the ocular evidence may be disbelieved.

૩૭.૧ આમ, ના.સર્વોચ્ચ અદાલતના ન્યાયીક ચુકાદાઓ ધ્યાને લેતાં સાહેદોનો મૌખિક પુરાવો એ 'સર્વોતતમ પુરાવો છે' અને તેની ઉપર શંકા ઉપજાવી શકાય નહી. પરંતુ જયારે તબીબી પુરાવાથી મૌખિક પુરાવો સંપુર્ણપણે અસંભવીત અને અસંગત જણાતો હોય તો તે સંજોગોમાં મૌખિક પુરાવાને અવગણવાનો રહે છે. હાલના કામે નજરે જોનાર સાહેદો અને તબીબી અધિકારીના પુરાવામાં કોઇ મહત્વનો વિરોધાભાસ જણાતો નથી કે જે કેસના મુળ સુધી જાય.

(૩૮) બચાવ પક્ષ તરફે રજુઆત છે કે બનાવ બન્યાના સમયમાં વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. આ કામે ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવ કલાક ૨૨.૩૦ વાગે બનેલો. તપાસ કરનાર અધિકારી હિતેશસિંહ ઝાલા (આંક–૬૪) નાએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે બનાવ તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ રાત્રે સાડા દસની આસપાસ બનેલો. એ હકીકત કબુલેલ છે કે એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ બનવારીલાલ અને વિશાલ વચ્ચે આશરે ૨૫ સેકન્ડ વાત થયેલી અને તેનો સમય ૨૩.૦૪.૫૦ વાગ્યાનો હતો. સી.ડી.આર.માં કલાક ૧૦.૩૦ થી ૧૧.૦૦ સુધી ૨૫ સેકન્ડ વાત થયેલી હોય તેનો ઉલ્લેખ નથી. આ તમામ પુરાવો જોતાં બનાવના સમયમાં આશરે અડધો કલાકનો ફેરફાર જણાય છે. આ સંદર્ભે જોવામાં આવે તો એફ.આઇ.આર. મુજબ બનાવ તા.૨૫.૧૦.૨૦૨૪ ના રોજ ૨૨.૩૦ વાગે બનેલ હોવાનો અને ફરિયાદ તા.૨૬.૧૦.૨૦૨૪ ના રોજ કલાક ૯.૦૦ વાગે આપેલ હોવાનો ઉલ્લેખ છે. આમ, રાત્રે બનેલ બનાવની ફરિયાદ બીજા દિવસે સવારે આપેલ છે તેમજ ફરિયાદ આપનાર વ્યકિત મજુરી કરનાર ઈસમ છે તેવા સંજોગોમાં બનાવ બન્યાના સમયમાં અડધો કલાક જેટલો તફાવત આવે તો તેને મહત્વનો તફાવત કહી શકાય નહી અને બનાવના સમયમાં આવેલ આવો નજીવો તફાવત ફરિયાદ પક્ષના કેસને ઘાતકરૂપ છે તેવું કહી શકાય નહી.

(૩૯) બચાવ પક્ષ તરફે એવી રજુઆત છે કે ગુજરનારને છાતીના ભાગે માત્ર એક જ ઈજા છે અને જે હથીયારથી ઈજા થયેલ છે તે ઘરમાં રાખવામાં આવતુ શાકભાજી કાપવાનું નાનુ ચપ્પુ છે. મેડીકલ ઓફિસરશ્રીએ તેઓના પુરાવામાં ગુજરનારને થયેલી ઈજા મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી તેવી કોઈ હકીકત જણાવેલ નથી તેવા સંજોગોમાં આ કામે બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) નો ગુન્હો બનતો હોવાનું કહી શકાય નહી. આ કામે ગુન્હામાં વપરાયેલ ચપ્પુનો માપ જોવામાં આવે તો આ ચપ્પુ ૯ ઈંચનું છે અને ચપ્પાના આગળના ફળની લંબાઈ આશરે ૫ ઈંચ અને હાથાની લંબાઈ આશરે ૪ ઈંચ અને ફળની પહોળાઈ ૨ ઈંચની જણાય છે. આવા ચપ્પુ કોઈ વ્યકિતને છાતીની ડાબી બાજુ ભોકીને ઘા કરવામાં આવે તો સામાન્ય બુધ્ધિશાળી વ્યકિત સમજી શકે છે આવા કૃત્યથી કે આવી ઈજાથી ઈજા પામનારનું મૃત્યુ થવાની પુરેપુરી સંભાવના રહેલી છે. બી.એન.એસ.ની કલમ–૧૦૦ જોતાં જો કોઈ વ્યકિત બીજી કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક હાની પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે એવી જાણકારીથી કોઈ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તો તે ગુન્હાહિત મનુષ્યવધનો ગુન્હો કરે છે. આ કામે આરોપીએ ગુજરનાર ઉપર ચપ્પુ વડે છાતીની ડાબી બાજુએ જે રીતની ઈજા કરી છે તે જોતાં આરોપીનો ઈરાદો મૃત્યુ નિપજાવવાનો હોવાનું જણાય છે તેમજ તેઓના આવા કૃત્યથી ઈજા પામનારનું મૃત્યુ નિપજી શકે તેવી જાણકારી હોવાનું પણ જણાય છે. જેથી આ કામે બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) નો ગુન્હો બનતો હોવાનું કહી શકાય નહી તેવી આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત સ્વીકારી શકાય તેમ નથી.

(૪૦) આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત છે કે હાલનો જે બનાવ બનેલ છે તે ઓચિંતુ અને ઉશ્કેરાટના કારણે બનેલ છે અને તેમાં આરોપીનો અગાઉથી કોઈ ઈરાદો ધરાવતા ન હતા. પરંતુ રેકર્ડ ઉપર રજુ થયેલ

પુરાવો જોતાં ગુજરનારે આરોપી સાથે કોઇ ઝઘડો કરેલ હોય કે ઉશ્કેરાટનું કોઇ કારણ આપેલ હોય કે બંને વચ્ચે કોઇ બોલાચાલી થયેલી હોય તેવું જણાતુ નથી. આરોપીએ ગુજરનાર પાસે ફોન કરવા માટે મોબાઇલ ફોનની માંગણી કરતા, તે ગુજરનારે નહી આપતા આરોપીએ ચપ્પુ લઇને ગુજરનારને છાતીમાં ડાબી બાજુએ ભોંકીને ઘા કરેલ હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી નિ:શંકપણે પુરવાર થયેલ છે. તેવા સંજોગોમાં બનાવ ઓચિંતુ અને ઉશ્કેરાટના કારણે બનેલ હોવાનું કહી શકાય નહી.

(૪૧) બચાવ પક્ષ તરફે રજુઆત છે કે મરણજનારના કપડા કબજે લેવામાં આવેલા તેમાં શર્ટના ડાબી બાજુના છાતીના ભાગે ચપ્પુ વાગવાથી શર્ટ ફાટી ગયો હોય તેનો ઉલ્લેખ નથી. આ ઉપરાંત આંક–૧૬ વાળા પંચનામામાં વાદળી કલરની ચડ્ડીનો ઉલ્લેખ છે અને મુ.આ.નં.૬ વાળી ચડ્ડી વાદળી કલરની નથી પરંતુ કાળા કલરની છે. આંક–૧૬ થી રજુ થયેલ ગુજરનારના કપડા કબજે કર્યાના પંચનામામાં જે શર્ટ કબજે કરેલ તેમાં શર્ટના ડાબી બાજુના છાતીના ભાગે ચપ્પુ વાગવાથી શર્ટ ફાટી ગયો હોય તેવો ઉલ્લેખ જણાતો નથી. પરંતુ હાલના બનાવને નજરે જોનાર સાહેદો છે અને તેઓએ આરોપી ધ્વારા ગુજરનારને છાતીની ડાબી બાજુએ ચપ્પુ વડે ઘા કરેલ હોવાનો નિ:શંક પુરાવો આપેલ છે. વધુમાં સાહેદ જયપ્રકાશના પુરાવા મુજબ બનાવ બન્યો ત્યારે કિરોડીલાલે શરીરના ઉપરના ભાગે કઇ પહેર્યુ ન હતુ. સાહેદ જયપ્રકાશે બનાવ વખતે ગુજરનાર કિરોડીલાલની સાથે રૂમમાં હાજર હતા અને બનાવ બનતા નજરે જોયેલ છે અને તેઓનો પુરાવો વિશ્વસનીય અને સ્વીકારાપાત્ર છે. જેથી આંક–૧૬ વાળા ગુજરનારના કપડા કબજે કર્યાના પંચનામામાં શર્ટ ડાબી બાજુએથી ફાટી ગયો હોય તેવો ઉલ્લેખ નહી હોવાના કારણે ફરિયાદ પક્ષ્નો કેસ શંકાસ્પદ બની જતો નથી અને આવા સામાન્ય વિરોધાભાસનો લાભ આરોપીને મળી શકે તેમ નથી. આ ઉપરાંત આંક–૧૬ ના પંચનામામાં વાદળી કલરની ચડ્ડી લખેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૬ માં પણ વાદળી

કલરની ચડ્ડી જ લખેલ છે. આંક–૮૪ થી રજુ થયેલ એફ.એસ.એલ.ના રીપોર્ટમાં પાર્સલ એમ–૨ માં કાળા રંગની ચડ્ડી જેને રવાનગી નોંધમાં વાદળી રંગ તરીકે દર્શાવેલ હતુ તેવો ઉલ્લેખ છે. ઉલટ તપાસમાં તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે મુદ્દામાલવાળી ચડ્ડી ઘાટા વાદળી કલરની જણાય છે. આમ, બનાવ વખતે મરણજનારને પહેરેલ ચડ્ડીના કલરમાં કોઈ મહત્વનો વિરોધાભાસ જણાતો નથી.

(૪૨) બચાવ પક્ષ તરફે રજુઆત છે કે ઈજા પામનારને એમ્બ્યુલન્સમાં કોણ કોણ લઈ ગયેલ તે બાબતે વિરોધાભાસી પુરાવો રજુ થયેલ છે. બનાવ નજરે જોનાર સાહેદોના પુરાવા મુજબ કિરોડીલાલને ઈજા થતા જયપ્રકાશ, બનવારીલાલ, રીન્કુ અને વિશાલ સારવાર માટે લઈ ગયેલા. જયારે એમબ્યુલન્સના ઇમરજન્સી મેડીકલ ટેકનીશીયન યતીનકુમાર કનુભાઈના આંક–૫૬ ના પુરાવા મુજબ એમ્બ્યુલન્સમાં દર્દી સાથે બે વ્યકિતઓને જ લઈ ગયેલા. આ કામે એમ્બ્યુલન્સમાં કેટલી વ્યકિતઓ બેસીને ગયેલા તે હકીકત મહત્વની નથી. સાહેદો ઈજા પામનારને સારવાર માટે તરત જ હોસ્પીટલમાં લઈ ગયેલા છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જેથી બચાવ પક્ષની આ રજુઆત સ્વીકારી ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ માની શકાય તેમ નથી.

(૪૩) બચાવ પક્ષ તરફે એવી રજુઆત છે કે જો ખરેખર ચપ્પુ મકાનની બહાર ખુલ્લી જગ્યામાં પડતુ હોત તો પંચનામા વખતે સૌથી પહેલા ચપ્પુ જોયેલ હોત અને સૌથી પહેલા પંચનામુ કબજે લીધો હોત તેમ છતાં પંચનામાના અંતે ચપ્પુ કબજે કરેલ હોઇ ચપ્પુની રીકવરી શંકાસ્પદ બની રહે છે. રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતાં બનાવ મકાનમાં રૂમની અંદર બનેલ છે તેથી સ્વાભાવીક છે કે તપાસ કરનાર અધિકારી સૌપ્રથમ તપાસ કરવા બનાવવાળી જગ્યાએ એટલે કે રૂમમાં જાય. તેવા સંજોગોમાં પ્રથમ બનાવવાળી જગ્યાએ જે વસ્તુઓ હતી તે કબજે કરેલ અને ત્યારબાદ પંચનામાની કાર્યવાહી દરમ્યાન જ મકાનની

બહાર પગથીયા પાસે ચપ્પુ પડેલ હોવાનું જણાતા તે કબજે કરેલ તેમજ જે જગ્યાએ ચપ્પુ મળેલ છે તે જગ્યા બનાવવાળા મકાનની જ પગથીયા પાસેની જગ્યા છે, જેથી ચપ્પુની રીકવરી શંકાસ્પદ બની જતી હોવાનું કહી શકાય નહી.

(૪૪) બચાવ પક્ષ તરફે એવી રજુઆત છે કે સાહેદ જયપ્રકાશની વર્તણૂંક શંકાસ્પદ છે જેથી તેઓએ અને અન્ય સાહેદોએ ગુજરનાર સાથે ઝઘડો કરી મારી નાંખેલ અને આરોપીને ખોટી રીતે ગુન્હામાં ફસાવી દીધેલ છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીએ ગુજરનાર અને સાહેદ જયપ્રકાશના કુટુંબીજનો વચ્ચે કે તેઓ વચ્ચે કોઇ દુશ્મનાવટ કે અણબનાવ હોય તે બાબતે તપાસ કરેલ નથી. પરંતુ આ કામે રજુ થયેલ બનાવ નજરે જોનાર સાહેદો જયપ્રકાશ, બનવારીલાલ તેમજ બનાવ સ્થળે હાજર અન્ય સાહેદો રીન્કુકુમાર અને ફરિયાદી રામકેશ અને સાહેદ રાકેશકુમારને તેમજ તપાસ કરનાર અધિકારીને ઉલટ તપાસમાં બચાવ પક્ષ તરફથી ગુજરનાર અને ગુજરનારની સાથે રહેતા સાહેદો વચ્ચેના સંબંધો અંગેના પ્રશ્નો પુછવામાં આવેલા છે અને આ તમામ સાહેદોએ તેઓ બધા વચ્ચે મતભેદ, અણબનાવ કે દુશ્મની ન હતી તેવી હકીકત સ્વીકારેલ છે. આ ઉપરાંત સાહેદ જયપ્રકાશ સિવાયના તમામ સાહેદો બનાવ પછી ઈજા પામનાર કિરોડીલાલને સાથે જ હતા અને તેઓ કિરોડીલાલને સારવાર માટે લઇ ગયેલા. જયારે સાહેદ જયપ્રકાશ તે ગુજરનારનો સગો થતો હોઈ સગામાં ભાઇ થતો હોઈ અને તેઓ રાજસ્થાનથી સાથે આવેલા હોઈ તેઓ બીકના કારણે જતા રહેલા. આ જયપ્રકાશ બનાવ પછી તરત જ જતો રહેલ નથી. સાહેદ જયપ્રકાશના પુરાવા મુજબ રામકેશ, વિશાલ, બનવારી અને તેઓ એમ્બ્યુલન્સમાં કિરોડીલાલની સાથે એક નાના દવાખાનામાં ગયેલા ત્યાં ડોકટરે કિરોડીલાલને દવાની બોટલ ચઢાવેલી અને ડોકટરે કિરોડીલાલને ભરૂચ હોસ્પીટલમાં રીફર કરેલા. ત્યારબાદ તેઓ, બનવારી, વિશાલ અને રામકેશ એમ્બયુલન્સમાં કિરોડીલાલને ભરૂચ મોટી હોસ્પીટલમાં લઇ ગયેલા તે વખતે સવારના

ત્રણ સાડા ત્રણ વાગ્યાનો સમય થયેલો ત્યારે તેઓ હોસ્પીટલ પહોંચેલા અને ત્યાં હાજર પોલીસવાળાનુ પુછેલ કે કિરોડીલાલને કેવું છે ? તો પોલીસે જણાવેલ કે કિરોડીલાલ ગુજરી ગયેલ છે. આ કિરોડીલાલ તેઓના પરિવારના હતા અને ભાઇ હતા જેથી તે મરી ગયેલ એટલે તેઓનું મગજ ખરાબ થઇ ગયેલ જેથી તેઓ ત્યાંથી જતા રહેલા. આમ, આ સાહેદ જયપ્રકાશ ગુજરનારને ઈજા થયા પછી નાસી ગયેલ નથી અને તેઓ અન્ય સાહેદોની સાથે ઈજા પામનાર કિરોડીલાલને હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલ છે. અન્ય સાહેદોના પુરાવાથી સાહેદ જયપ્રકાશના પુરાવાને સમર્થન મળે છે જેથી બચાવ પક્ષ તરફેની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી.

(૭૫) બચાવ પક્ષ તરફે રજુઆત છે કે આરોપી પાસે મોબાઇલ હતો જેથી ગુજરનાર પાસેથી મોબાઇલ માંગવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ સંદર્ભે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતાં સાહેદ જયપ્રકાશે ઉલટ તપાસમાં જણાવેલ છે કે રવિ પાસે પોતાનો મોબાઇલ ફોન હતો. ત્યારબાદ સાહેદ જયપ્રકાશે જણાવેલ છે કે બનાવના ૫–૬ દિવસ પહેલા તેણે તે ફોન તોડી નાંખેલો. આ હકીકત ધ્યાને લેતાં બનાવ વખતે આરોપી પાસે મોબાઇલ ફોન હતો તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. બચાવ પક્ષ તરફે રજુઆત છે કે આ કામે મરણજનાર કિરોડીલાલનો ફોન પોલીસે કબજે કરેલ નથી જેથી પોલીસે તપાસ કરવામાં ખામી રાખેલ છે. પરંતુ હાલનો બનાવ આરોપી રવીકુમારે ગુજરનાર કિરોડીલાલ પાસે ફોન માંગતા ગુજરનારે ફોન આપેલો નહી જેથી બનેલ છે. મોબાઇલ ફોનમાં કોઇ પુરાવો જેવી કોઇ ઓડીયો કે વિડીયો કલીપ હોય કે મોબાઇલ ફોનમાં બંને વચ્ચે કે અન્ય કોઇ સાથે વાતચીત થઇ હોય તે કારણે બનાવ બનેલ નથી. જેથી ગુજરનારના મોબાઇલ ફોનને આ કામે મહત્વનો પુરાવો કહી શકાય નહી. જેથી ગુજરનારનો મોબાઇલ ફોન રીકવર થયેલ નથી. સી.ડી.આર. મેળવેલ નથી અને સાહેદ જયપ્રકાશે જેને ફોન આપેલ તેને તપાસવામાં આવેલ નથી તેવી બચાવ પક્ષની જે રજુઆતો છે તે રજુઆતો સ્વીકારી

ફરિયાદ પક્ષના કેસને શંકાસ્પદ માની શકાય તેમ નથી.

(૪૬) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવામાં કોઈ શંકા ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવાથી આરોપીએ ગુજરનારને ચપ્પુ વડે ગુજરનારને છાતીની ડાબી બાજુએ ઘા મારી ગંભીર ઈજા પહોચાડી મૃત્યુ નિપજાવેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે. તેથી આ તબકકે બી.એન.એસ.ની કલમ–૧૦૧ ધ્યાને લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

૧૦૧. Murder : Except in the cases hereinafter excepted, culpable homicide is murder -

(a) if the act by which the death is caused is done with the intention of causing death; or

(b) if the act by which the death is caused is done with the intention of causing such bodily injury as the offender knows to be likely to cause the death of the person to whom the harm is caused; or

(c) if the act by which the death is caused is done with the intention of causing bodily injury to any person and the bodily injury intended to be inflicted is sufficient in the ordinary course of nature to cause death; or

(d) if the person committing the act by which the death is caused knows that it is so imminently dangerous that it must in all probability cause death or such bodily injury as is likely to cause death and commits such act without any excuse

for incurring the risk of causing death or such injury as aforesaid.

**Exception 1. -** Culpable homicide is not murder if the offender whilst deprived of the power of self control by grave and sudden provocation, causes the death of the person who gave the provocation or causes the death of any other person by mistake or accident:

Provided that the provocation is not, -

(a) sought or voluntarily provoked by the offender as an excuse for killing or doing harm to any person,

(b) given by anything done in obedience to the law or by a public servant in the lawful exercise of the powers of such public servant,

(c) given by anything done in the lawful exercise of the right of private defence.

**exception 2. -** Culpable homicide is not murder if the offender in the exercise in good faith of the right of private defence of person or property exceeds the power given to him by law and causes the death of the person against whom he is exercising such right of defence without premeditation and without any intention of doing more harm than is necessary for the purpose of such defence.

**exception 3. -** Culpable homicide is not murder if the offender being a public servant or aiding a public

servant acting for the advancement of public justice exceeds the powers given to him by law and causes death by doing an act which he in good faith believes to be lawful and necessary for the due discharge of his duty as such public servant and without ill will towards the person whose death is caused.

**exception 4. -** Culpable homicide is not murder if it is committed without premeditation in a sudden fight in the heat of passion upon a sudden quarrel and without the offender s having taken undue advantage or acted in a cruel or unusual manner.

**exception 5. -** Culpable homicide is not murder when the person whose death is caused being above the age of eighteen years suffers death or takes the risk of death with his own consent.

(૪૭) બી.એન.એસ.ની કલમ–૧૦૦ જોતાં જો કોઇ કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યુ હોય અથવા ગુન્હેગારને એવો જ્ઞાન હોય કે જે વ્યકિતને હાની પહોંચી છે તેનું મૃત્યુ આવી ઈજાના કારણે નિપજવાનો સંભવ છે અને તેવી શારીરિક હાની પહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અથવા કોઇ વ્યકિતને શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય અને જે શારીરિક ઈજા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હોય. આ કામે ગુજરનારના શરીરના માર્મિક ભાગ ઉપર એટલે કે ડાબી છાતીના ભાગે ગંભીર ઈજા કરતા સારવાર દરમ્યાન ઈજા પામનાર આવી ઈજાના કારણે મૃત્યુ પામેલ છે તે હકીકત જોતાં આરોપીનો ઈરાદો ગુજરનારનુ મૃત્યુ નિપજાવવાનો હોવાનું સ્પષ્ટ થાય છે અને મરણજનારને થયેલી ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજવા માટે પુરતી જણાય

છે. જેથી આક્ષેપીત ગુન્હો બી.એન.એસ.ની કલમ–૧૦૫ ખુન ન ગણાય તેવા સાપરાધ મનુષ્ય વધમાં પડતો નથી. વધુમાં બી.એન.એસ.ની કલમ–૧૦૧ ના કોઈ પણ અપવાદમાં આરોપીનું કૃત્ય પડતુ નથી.

(૪૮) આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો 2023(10) Scale 173 - Anbazhagan Versus State Represented by the Inspector of Police નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદામાં ના.સર્વોચ્ચ અદાલતે ફકરા નં. ૨૧,૫૦,૫૨,૫૩, ૬૦(૪)(૮)(૯)(૧૦)(૧૧) માં નીચે મુજબ ઠરાવેલ છે.

"21. Intention, which is a state of mind, can never be precisely proved by direct evidence as a fact; it can only be deduced or inferred from other facts which are proved. The intention may be proved by res gestae, by acts or events previous or subsequent to the incident or occurrence, on admission. Intention of a person cannot be proved by direct evidence but is to be deduced from the facts and circumstances of a case. There are various relevant circumstances from which the intention can be gathered. Some relevant considerations are the following:-

1. The nature of the weapon used.

2. The place where the injuries were inflicted.

3. The nature of the injuries caused.

4. The opportunity available which the accused gets.

50. In the case of Rajwant Singh (supra), after referring to the relevant clauses of Section 300 of the IPC, the following observations have been made:-

“10. … The mental attitude is thus made of two elements (a) causing an intentional injury and (b) which injury the offender has the foresight to know would cause death….

11. … For the application of clause three it must first be

established that the injury is caused, next it must be established objectively what the nature of that injury in the ordinary course of nature is. If the injury is found to be sufficient to cause death, one test is satisfied. Then it must be proved that there was an intention to inflict that very Injury and not some other injury and that it was not accidental or unintentional.

If this is also held against the offender the offence of murder is established.” (Emphasis supplied)

52. We will now refer to the relevant observations made in para 10 at page 151. They are as under:-

“The third clause views the matter from a general stand-point. It speaks of an intention to cause bodily injury which is sufficient in the ordinary course of nature to cause death. The emphasis here is on the sufficiency of the injury in the ordinary course of nature to cause death. The sufficiency is the high probability of death in the ordinary way of nature and when this exists and death ensues and the causing of such injury is intended the offence is murder. Sometimes the nature of the weapon used, sometimes the part of the body on which the injury is caused, and sometimes both are relevant. The determinant factor is the intentional injury which must be sufficient to cause death, that is to say, the probability of death is not so high, the offence does not fall within murder but within culpable homicide not amounting to murder or something less. The illustration appended to the clause 3rdly reads:

‘(c) A intentionally gives Z a sword-cut or club-wound sufficient to cause the death of a man in the ordinary course of nature. Z dies in consequence. Here A is guilty of murder, although he may not have intended to cause Z's death.’ The sufficiency of an intentional injury to cause death in the ordinary way of nature is the gist of the clause irrespective of

an intention to cause death. Here again, the exceptions may bring down the offence to culpable homicide not amounting to murder." (Emphasis supplied)

53. This Court in Vineet Kumar Chauhan v. State of U.P., (2007) 14 SCC 660, noticed that the academic distinction between 'murder' and 'culpable homicide not amounting to murder' had vividly been brought out by this Court in State of A.P. v. Rayavarapu Punnayya, (1976) 4 SCC 382, where it was observed as under:-

"…that the safest way of approach to the interpretation and application of Sections 299 and 300 of the Code is to keep in focus the key words used in various clauses of the said sections. Minutely comparing each of the clauses of sections 299 and 300 of the Code and the drawing support from the decisions of the court in Virsa Singh v. State of Punjab, (AIR 1958 SC 465 : 1958 Cri LJ 818) and Rajwant Singh v. State of Kerala, (AIR 1966 SC 1874 : 1966 Cri LJ 1509) speaking for the court, Justice RS Sarkaria, neatly brought out the points of distinction between the two offences, which have been time and again reiterated. Having done so, the court said that wherever the Court is confronted with the question whether the offence is murder or culpable homicide not amounting to murder, on the facts of a case, it would be convenient for it to approach the problem in three stages. The question to be considered at the first stage would be that the accused has done an act by doing which he has caused the death of another. Two, if such causal connection between the act of the accused and the death, leads to the second stage for considering whether that act of the accused amounts to culpable homicide as defined in section 299. If the answer to this question is in the negative, the offence would be culpable homicide not amounting to murder, punishable under the First or Second part of Section 304,

depending respectively, on whether this second or the third clause of Section 299 is applicable. If this question is found in the positive but the cases come within any of the exceptions enumerated in Section 300, the offence would still be culpable homicide not amounting to murder, punishable under the first part of Section 304 of the Code. It was, however, clarified that these were only broad guidelines to facilitate the task of the court and not cast-iron imperative." (Emphasis supplied)

60. Few important principles of law discernible from the aforesaid discussion may be summed up thus:-

(4) Even if single injury is inflicted, if that particular injury was intended, and objectively that injury was sufficient in the ordinary course of nature to cause death, the requirements of Clause 3rdly to Section 300 of the IPC, are fulfilled and the offence would be murder.

(8) The court must address itself to the question of mens rea. If Clause thirdly of Section 300 is to be applied, the assailant must intend the particular injury inflicted on the deceased. This ingredient could rarely be proved by direct evidence. Inevitably, it is a matter of inference to be drawn from the proved circumstances of the case. The court must necessarily have regard to the nature of the weapon used, part of the body injured, extent of the injury, degree of force used in causing the injury, the manner of attack, the circumstances preceding and attendant on the attack.

(9) Intention to kill is not the only intention that makes a culpable homicide a murder. The intention to cause injury or injuries sufficient in the ordinary cause of nature to cause death also makes a culpable homicide a murder if death has actually been caused and intention to cause such injury or injuries is to be inferred from the act or acts resulting in the injury or injuries.

(10) When single injury inflicted by the accused results in the death of the victim, no inference, as a general principle, can be drawn that the accused did not have the intention to cause the death or that particular injury which resulted in the death of the victim. Whether an accused had the required guilty intention or not, is a question of fact which has to be determined on the facts of each case.

(11) Where the prosecution proves that the accused had the intention to cause death of any person or to cause bodily injury to him and the intended injury is sufficient in the ordinary course of nature to cause death, then, even if he inflicts a single injury which results in the death of the victim, the offence squarely falls under Clause thirdly of Section 300 of the IPC unless one of the exceptions applies."

(૪૯) આમ, બી.એન.એસ.ની કલમ–૧૦૧ ની જોગવાઈઓ તેમજ ના.સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો, ઈજા કરવામાં વપરાયેલ હથીયાર (ચપ્પુ), શરીરનો માર્મિક ભાગ (ડાબી છાતીના ભાગે), ઈજાનો પ્રકાર (૧૦ સે.મી. જેટલો ઉંડો ઘા), ઈજા કરવામાં વાપરવામાં આવેલ બળ (તબીબી અધિકારીના પુરાવા મુજબ ફેફસા અને ઋદયમાં ઈજા થયેલ છે), કયા સંજોગોમાં ઈજા પહોંચાડવામાં આવેલ છે (ગુજરનારને આરોપીને ફોન નહિ આપતા) વિગેરે પરીબળો ધ્યાને લેતાં આરોપીનો ઈરાદો મૃત્યુ નિપજાવવાનો હતો તે સ્પષ્ટ થાય છે. વધુમાં આરોપીએ ગુજરનારને જે શારીરિક ઈજા પહોંચાડવા ધારેલી હતી તેવી ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી. જેથી માત્ર એક જ ઘા કરવામાં આવ્યો તો પણ આક્ષેપીત ગુન્હો બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) માં પડતો નથી અને બી.એન.એસ.ની કલમ–૧૦૫ માં એટલે કે ખુન ગણાય તેવા સાપરાધ મનુષ્ય વધમાં પડે છે તેવું કહી શકાય નહી. વધુમાં બી.એન.એસ.ની કલમ–૧૦૧ ના કોઈ અપવાદમાં પણ આરોપીનું કૃત્ય પડતુ નથી. ગુજરનારે આરોપી સાથે

કોઇ ઝઘડો કર્યો હોય કે ગાળો બોલી ઉશ્કેરાટનું કારણ આપેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી કોઇ ગંભીર અથવા ઓચિંતા ઉશ્કેરાટના કારણે આરોપી ધ્વારા પોતાની જાત ઉપરનો કાબુ ગુમાવી કૃત્ય કરવામાં આવેલ હોય તેવી હકીકત જણાતી નથી. આરોપીના વિ.વકીલશ્રીએ રજુ કરેલ  ના.સુપ્રિમ કોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૧૫૩૩/૨૦૧૧ – શ્રીકૃષ્ણા વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશવાળા કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો વિપરીત છે. હાલના કેસમાં કોઇ મારામારી થયેલ હોય કે ગુજરનાર તરફથી કોઇ ઉશ્કેરાટનું કારણ આપવામાં આવેલ હોય કે ઓચિંતી સામ–સામે મારામારી થયેલ હોય તેવી કોઇ હકીકત નથી. હાલના કેસમાં ગુજરનારે આરોપીને મોબાઇલ ફોન નહી આપતા આરોપીએ હાથમાં ચપ્પુ લઇને ગુજરનારની છાતીમાં ડાબી બાજુએ એટલે કે શરીરના માર્મિક ભાગ ઉપર જીવલેણ ઇજા પહોંચાડેલી છે અને તે ઇજાના કારણે ગુજરનારનું મૃત્યુ નિપજેલ છે. જેથી આ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો લાભ આરોપીને મળી શકે તેમ નથી. વધુમાં આરોપીના વિ.વકીલશ્રીએ ના.કેરાલા હાઇકોર્ટ સમક્ષ્ની ક્રિમીનલ અપીલ નં.૧૨૮૧/૨૦૧૯ – આમ્મેદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલાના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના કામે ગુજરનાર ધ્વારા કોઇ ઓચિંતુ ઉશ્કેરાટનું કારણ આપવામાં આવેલ નથી જેથી આ ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતનો લાભ આરોપીને મળી શકે તેમ નથી. આ ઉપરાંત આરોપી તરફે અન્ય જે ચુકાદા રજુ કરવામાં આવેલ છે તે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ હેઠળના છે, પરંતુ હાલના કામે જે ચપ્પુ રજુ થયેલ છે તે કલમ–૨૭ હેઠળ આરોપીના બતાવ્યા પ્રમાણે કોઇ જગ્યાએ જઇને કબજે થયેલ નથી, પરંતુ બનાવવાળી જગ્યાના પંચનામા વખતે સ્થળ ઉપરથી રીકવરી થયેલ છે. જેથી આ ચુકાદાઓ હાલના કેસમાં લાગુ પડતા નથી. ઉપરોકત તમામ સંજોગોમાં આરોપીએ ગુજરનારનું ખુન કરી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબનો સજાને પાત્ર ગુન્હો

કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે. ઉપરોકત સંજોગોમાં **મુદ્દા નંબર : ૨ નો નિર્ણય 'હકારમાં'** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર : ૩ ની ચર્ચા</u>.**

(૫૦) આ કામે આરોપી સામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. પરંતુ બનાવ ઘરની અંદર બનેલ છે. આ ઉપરાંત બનાવ વખતે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હતુ તે દર્શાવવા હથીયારબંધીના જાહેરનામાની નકલ કે અન્ય કોઇ પુરાવો ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપીએ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ નથી. ઉપરોકત સંજોગોમાં **મુદ્દા નંબર : ૩ નો નિર્ણય 'નકારમાં'** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર : ૪ ની ચર્ચા :</u>**

(૫૧) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ગુજરનારનું મૃત્યુ નિપજાવવાના ઈરાદે શરીરના માર્મિક ભાગ એટલે ડાબી છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચાડી ખુન કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થયેલ છે. જેથી કાયદામાં નિર્દિષ્ટ સજા બાબતે ફરિયાદ પક્ષ અને આરોપીને સાંભળવા આવશ્યક જણાય છે. તેથી આ કામ આ તબકકે સજા માટે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૭મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

<u>સજા અંગે સાંભળ્યા.</u>

(પર) ફરિયાદ પક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રીની રજુઆત છે કે આ કામે આરોપીએ પોતાની સાથે કામ કરતા અને સાથે રહેતા મિત્રની ચપ્પુ વડે ડાબી છાતીના ભાગે જીવલેણ ઈજા પહોંચાડી ક્રુરતાપુર્વક હત્યા કરેલ છે. જેથી સમાજમાં દાખલો બેસે તેવી સખતમાં સખત સજા કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓએ ગુજરનારના આશ્રિતોને પણ યોગ્ય વળતર મળી રહે તે ધ્યાને લઈ દંડ અને વળતરનો હુકમ કરવા રજુઆત કરેલ છે.

(પ૩) આરોપીને જેલમાંથી વિડીયો કોન્ફરન્સ મારફતે હાજર રાખવામાં આવેલ છે તેમજ આરોપીના વિ.વકીલશ્રી હાજર છે. તેઓની રજુઆત છે કે આરોપી રાજસ્થાન પોતાના વતનમાંથી મજુરી કરવા આવેલ અને આરોપી ગરીબ માણસ છે અને તેઓની ઉપર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. આરોપીની ઉંમર માત્ર ર૬ વર્ષની છે. આરોપીએ અગાઉથી કોઇ પ્લાન બનાવીને કે ષડયંત્ર રચીને ગુન્હો આચરેલ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. હાલનો ગુન્હો ''ભાગ્યેમાંનો ભાગ્યે જ''ની શ્રેણીમાં પડતો નથી. જેથી ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

(પ૪) આ કામે પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધેલ છે. કોઇ પણ વ્યકિત જયારે ગુન્હાહિત કૃત્ય કરે છે ત્યારે તેના પરિણામ સ્વરૂપે દંડ કે સજાને પાત્ર બને છે. ગુન્હાની સજા બદ કેદ અથવા દંડ અથવા બંને કરી શકાય છે. કેદ સખત અથવા સાદા સ્વરૂપની હોઈ શકે છે. સજા આપવા પાછળનો હેતુ ગુન્હેગારને આવા ગુન્હાઓથી અટકાવી સમાજમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી, ગુન્હેગારનું પુન:વર્સન તેમજ તેની સુધારણા વિગેરે હોય છે.

(પપ) આ કામે રેકર્ડ જોતાં આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબનો ખુનનો ગુન્હો પુરવાર થયેલ છે. બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) હેઠળના ગુન્હામાં મોતની અથવા આજીવન કેદની સજાની જોગવાઇ છે. મોતની સજા કરવા માટે સબળ ચોકકસ કારણો હોવા ઘટે અને મૃત્યુ દંડની સજાને યથાર્થ ઠેરવવા ''ભાગ્યેમાંનો

ભાગ્યે જ'' પ્રકારનો કેસ હોવો જરૂરી છે. આ અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતે એ.આઇ.આર. ૧૯૮૦ એસ.સી. ૯૫૭ – બચ્ચનસીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબના ચુકાદામાં જે માર્ગદર્શિકા આપેલ છે તે ધ્યાને લીધેલ છે. આ કેસમાં આરોપીની ગુન્હો કરવાની રીત, ગુન્હાનો અસામાજીક તત્વ, ગુન્હાની વ્યાપકતા તેમજ ભોગ બનનારનો દરજજો ધ્યાને લીધેલ છે. વધુમાં આરોપીનો કોઇ ગુન્હાહિત ઇતિહાસ જણાતો નથી તેમજ ગુન્હાહિત કૃત્યનું ભવિષ્યમાં પુનરાવર્તન થવાની શકયતા જણાતી નથી. સાથોસાથ રેકર્ડ ઉપરની હકીકતો જોતાં ગુજરનારે આરોપી પાસેથી મોબાઇલ ફોનની માંગણી કરતા ગુજરનારે ના આપતા તે કારણે બનાવ બનેલ હોવાનું જણાય છે. આરોપીએ કરેલ કૃત્ય ક્રુર અને નિંદનીય છે, પરંતુ તેને 'ભાગ્યેમાંનો ભાગ્યે જ' કેસ ગણી મૃત્યુદંડ જ એકમાત્ર યોગ્ય સજા છે તેમ કહી શકાય તેમ નથી તેવું આ અદાલતનું માનવું છે. જેથી હાલના કેસમાં આરોપીને મૃત્યુદંડની સજા આપવી યોગ્ય અને ઉચીત જણાતુ નથી, પરંતુ આજીવન કેદની સજા કરવી ન્યાયોચીત જણાય છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપીને બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપીને બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી, આજીવન કેદની સજા ભોગવવાનો અને રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજાર પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો તેઓને વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. બી.એન.એસ.એસ.,૨૦૨૩ ની કલમ–૨૫૮(૧) અન્વયે આરોપીને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી

છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૪. અપીલ સમય પુરો થયા બાદ મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ વીવો મોબાઇલ ફોન અને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ ની પેન ડ્રાઇવ સિવાયના મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪.૧ મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ વીવો મોબાઇલ ફોન અને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ ની પેન ડ્રાઇવને રેકર્ડ સાથે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપી આ કેસની પોલીસ તપાસ દરમ્યાન તેમજ ટ્રાયલ દરમ્યાન જેટલો સમય કસ્ટડીમાં રહેલા હોય તેટલા સમયનો બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ ની જોગવાઇ મુજબ 'સેટ ઓફ'નો લાભ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫ મુજબ ગુજરનારના આશ્રિતોને યોગ્ય વળતર મળે તે માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભરૂચને ભલામણ કરવામાં આવે છે.

૭. આ ચુકાદાની એક પ્રમાણિત નકલ આરોપીને વિના મૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

ના.સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૩ – મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહિત) વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને મુદ્દામાલની વિગતો નીચે મુજબ છે.

ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા :</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧૨ | પ્રશાંતભાઇ જગદીશભાઇ સોલંકી | ઇન્કવેસ્ટ પંચનામાના પંચ–સાહેદ |
| ૨ | ૧૪ | જીતેશભાઇ વિનોદભાઇ સોલંકી | '' |
| ૩ | ૧૫ | શૈલેષભાઇ રમેશભાઇ રાઠોડ | મરણજનારના કપડા કબજે કર્યાના પંચ–સાહેદ |
| ૪ | ૧૯ | જયંતીભાઇ છગનભાઇ રાઠોડ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ–સાહેદ |
| ૫ | ૨૫ | ઇમરાનભાઇ અબ્દુલભાઇ રાજ | '' |
| ૬ | ૨૭ | જયંતીભાઇ લક્ષ્મણભાઇ વસાવા | રીકન્સ્ટ્રકશન પંચનામાના પંચ–સાહેદ |
| ૭ | ૨૯ | લાલજીભાઇ ઇશ્વરભાઇ વસાવા | '' |
| ૮ | ૩૧ | જયપ્રકાશ ફલીરામ મીના | નજરે જોનાર સાહેદ |
| ૯ | ૩૨ | રાકેશભાઇ બાબુલાલ મીના | સાહેદ |
| ૧૦ | ૩૩ | મનીષકુમાર ફલીરામ મીના | સાહેદ |
| ૧૧ | ૩૪ | મંગળભાઇ ઓમપાલસિંહ ચૌહાણ | સાહેદ |
| ૧૨ | ૩૬ | ડો.શીતલબેન સુંદરલાલ એહારી | પોસ્ટ મોર્ટમ કરનાર મેડીકલ ઓફિસ |
| ૧૩ | ૪૧ | વિશાલ અજેન્ટીલાલ મીના | સાહેદ |
| ૧૪ | ૪૨ | બનવારીલાલ બદરીપ્રસાદ મીના | નજરે જોનાર સાહેદ |
| ૧૫ | ૪૩ | વિનોદભાઇ વિરજીભાઇ ઠાકોર | સાહેદ વિશાલ પાસેથી મોબાઇલ કબજે કર્યાનું તેમજ આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ–સાહેદ |
| ૧૬ | ૪૯ | ઓમકારસિંહ મહેન્દ્રસિંહ રાણા | ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરનાર |
| ૧૭ | ૫૨ | શાહબાઝભાઇ અફરોઝભાઇ ખાન | સાહેદ |
| ૧૮ | ૫૩ | મેવાલાલ શિવનાથ યાદવ | સાહેદ |
| ૧૯ | ૫૪ | મુનીરામ રામગોપાલ મીના | સાહેદ |
| ૨૦ | ૫૫ | રમેશભાઇ હરીસિંહ રાજપુરોહિત | મોબાઇલમાં વાતચીતનું રેકોર્ડીંગનું મારવાડી ભાષામાંથી ગુજરાતી ભાષામાં ભાષાંતર કરનાર સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૫૬ | યતીનકુમાર કનુભાઇ પ્રણામી | ૧૦૮ એમ્બ્યુલન્સના ઇમરજન્સી મેડીકલ ટેકનીશીયન |
| ૨૨ | ૫૭ | રામકેશ શ્રવણકુમાર મીના | ફરિયાદી – બનાવ વખતે બનાવવાળા મકાનમાં જમતા હતા |
| ૨૩ | ૫૯ | વિનુભાઇ સોમાભાઇ મિસ્ત્રી | પી.એસ.ઓ. |
| ૨૪ | ૬૧ | રીન્કુકુમાર લૉરેરાવ મીના | સાહેદ – બનાવ વખતે બનાવવાળા મકાનમાં જમતા હતા |
| ૨૫ | ૬૪ | હિતેષસિંહ ભગવતસિંહ ઝાલા | તપાસ કરનાર અધિકારી |

**<u>દસ્તાવેજી પુરાવા :</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|---|
| ૧ | ૧૩ | મરણોત્તર પંચનામુ | સાહેદ નં. ૧ (આંક–૧૨) અને સાહેદ નં. ૨ (આંક–૧૪) |
| ૨ | ૧૬ | મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામુ | સાહેદ નં.૩ (આંક–૧૫) |
| ૩ | ૨૦ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | સાહેદ નં.૪ (આંક–૧૯) અને સાહેદ નં. ૫ (આંક–૨૫) |
| ૪ | ૨૮ | રીકન્સ્ટ્રકશનનું પંચનામુ | સાહેદ નં.૬ (આંક–૨૭) અને સાહેદ નં.૭ (આંક–૨૯) |
| ૫ | ૩૭ | તપાસ કરનાર અધિકારીએ મેડીકલ ઓફિસરશ્રીને પી.એમ. કરવા લખેલ યાદી | સાહેદ નં. ૧૨ (આંક–૩૬) |
| ૬ | ૩૮ | મેડીકલ ઓફિસરશ્રીએ એફ.એસ.એલ.ને લખેલ યાદી | '' |
| ૭ | ૩૯ | પોસ્ટ મોર્ટમ રીપોર્ટ | '' |
| ૮ | ૪૦ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | '' |

| | | | |
|---|---|---|---|
| ૯ | ૪૪ | સાહેદ વિશાલ પાસેથી મોબાઇલ કબજે કર્યાનું પંચનામુ | સાહેદ નં. ૧૫ (આંક–૪૩) |
| ૧૦ | ૪૬ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ | '' |
| ૧૧ | ૫૦ | ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા તપાસ કરનાર અધિકારીએ લખેલ યાદી | સાહેદ નં.૧૬ (આંક–૪૯) |
| ૧૨ | ૫૧ | ગુન્હાવાળી જગ્યાનો નકશો | '' |
| ૧૩ | ૫૮ | ફરિયાદ | સાહેદ નં. ૨૨ (આંક–૫૭) |
| ૧૪ | ૬૦ | સ્ટેશન ડાયરીનો ઉતારો | સાહેદ નં.૨૩ (આંક–૫૯) |
| ૧૫ | ૬૫ | ઈન્કવેસ્ટ પંચનામુ ભરવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને લખેલ યાદી | સાહેદ નં. ૨૫ (આંક–૬૪) |
| ૧૬ | ૬૬ | મેડીકલ ઓફિસરશ્રીને પોસ્ટ મોર્ટમ કરવા અને મરણનું કારણ દર્શાવતુ પ્રમાણપત્ર આપવા લખેલ યાદી | '' |
| ૧૭ | ૬૭ | સાયન્ટીફીક ઓફિસરનો સ્થળ પરીક્ષણ અહેવાલ | '' |
| ૧૮ | ૬૮ | મુદ્દામાલ રવાનગી પત્રક | '' |
| ૧૯ | ૬૯ | ફરિયાદી, સાહેદો, આરોપીના સી.ડી.આર. મેળવવા માટે ફોન કંપનીને લખેલ યાદી | '' |
| ૨૦ | ૭૦ | રીલાયન્સ જીઓ, અમદાવાદને સી.ડી.આર. તેમજ અન્ય દસ્તાવેજો મેળવવા લખેલ યાદી | '' |
| ૨૧ | ૭૧ | રીલાયન્સ જીઓ, અમદાવાદને સી.ડી.આર. તેમજ અન્ય દસ્તાવેજો મેળવવા લખેલ યાદી | '' |
| ૨૨ | ૭૨ | રીલાયન્સ જીઓ, અમદાવાદને સી.ડી.આર. તેમજ અન્ય દસ્તાવેજો મેળવવા લખેલ યાદી | '' |
| ૨૩ | ૭૩ | રીલાયન્સ જીઓ, અમદાવાદ તરફથી મળેલ સી.ડી.આર. રીપોર્ટ, કસ્ટમર એપ્લીકેશન ફોર્મ વિગેરે | '' |
| ૨૪ | ૭૪ | ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર | '' |
| ૨૫ | ૭૫ | વાયરલેસ મેસેજ | '' |
| ૨૬ | ૭૬ | લાશ સાથે મેડીકલ ઓફિસરશ્રીને | '' |

| | | | |
|---|---|---|---|
| | | મોકલવાનો પોલીસ રીપોર્ટ | |
| ૨૭ | ૭૭ | પંચનામા દરમ્યાન કબજે કપડાની યાદી | '' |
| ૨૮ | ૭૮ | પંચનામા દરમ્યાન કબજે કપડાની યાદી | '' |
| ૨૯ | ૭૯ | આરોપીને અટક કર્યાની નોંધ કરવા પી.એસ.ઓ.ને લખેલ યાદી | '' |
| ૩૦ | ૮૦ | મુદ્દામાલ રવાનગી પત્રક | '' |
| ૩૧ | ૮૧ | મુદ્દામાલ મળ્યા બદલની એફ.એસ.એલ.ની પહોંચ | '' |
| ૩૨ | ૮૨ | મુદ્દામાલ મળ્યા બદલની એફ.એસ.એલ.ની પહોંચ | '' |
| ૩૩ | ૮૩ | મુદ્દામાલ મળ્યા બદલની એફ.એસ.એલ.ની પહોંચ | '' |
| ૩૪ | ૮૪ | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરીક્ષણ રીપોર્ટ | '' |
| ૩૫ | ૮૫ | એફ.એસ.એલ.ના ઝેરશાસ્ત્ર વિભાગનો રીપોર્ટ | '' |
| ૩૬ | ૮૬ | પેનડ્રાઇવ એકઝામીનેશન રીપોર્ટ અને પત્ર | '' |
| ૩૭ | ૮૭ | ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર | '' |
| ૩૮ | ૮૮ | એફ.એસ.એલ., સુરત તરફથી પરીક્ષણ થઇને આવેલ ડી.વી.ડી.ની કોપી | '' |

**આરોપી તરફે આ કામે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.**

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | મુદ્દામાલની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|
| ૧ | કોફી, ભુરા રંગની મોટા ફુલોની ડીઝાઇન વાળી ચટાઇ | સાહેદ નં.૮ )આંક–૩૧), સાહેદ નં.૧૪ (આંક–૪૨) અને સાહેદ નં.૨૫ (આંક–૬૪) |

| | | |
|---|---|---|
| ૨ | ટાઇલ્સ પરના ડાઘા પરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ | '' |
| ૩ | કંટ્રોલ સેમ્પલ તરીકે લીધેલ કોટન થ્રેડ | '' |
| ૪ | ૯ ઇંચ લંબાઇનું ચાકુ (ચપ્પુ) | '' |
| ૫ | ગુજરનારે બનાવ વખતે પહેરેલ અડધી બાયનો શર્ટ | '' |
| ૬ | ગુજરનારે બનાવ વખતે પહેરેલ ચડ્ડી | '' |
| ૭ | આરોપીએ બનાવ વખતે પહેરેલ ટી–શર્ટ | '' |
| ૮ | આરોપીએ બનાવ વખતે પહેરેલ પેન્ટ | '' |
| ૯ | વીવો કંપનીનો બ્લુ કલરનો મોબાઇલ | સાહેદ નં. ૧૩ (આંક–૪૧), સાહેદ નં. ૨૦ (આંક–૫૫) અને સાહેદ નં. ૨૫ (આંક–૬૪) |
| ૧૦ | ૧૬ જીબીની પેન ડ્રાઇવ | સાહેદ નં. ૨૫ (આંક–૬૪) |

તારીખ : ૧૭.૦૩.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨